॥ ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

સમાજ નિર્માણ તથા સાંસ્કૃતિક પુનરુત્થાન માટે સમર્પિત

# પ્રજ્ઞા અભિયાન

સંસ્થાપક-સંરક્ષકઃ વેદમૂર્તિ, તપોનિષ્ઠ પં. શ્રીરામ શર્મા આચાર્ય એવમ્ વંદનીય માતા ભગવતી દેવી શર્મા

અંક નં-૨૨ વર્ષ-૧૯ | વાર્ષિક લવાજમ-દેશમાં-૩૦.૦૦ | વિદેશમાં-૪૦૦.૦૦ | ૨૧ જુન-૨૦૧૦

## બ્રાહ્મી ચેતના સાથે એકાકાર કરાવનારો સમર્થ ગાયત્રી મહામંત્ર

### ગાયત્રી મહાત્મ્ય

ગાયત્રી મહામંત્ર એક અગાધ સમુદ્ર છે, જેના ગર્ભમાં છૂપાયેલ રત્નોની જાણકારી મેળવવી સરળ કાર્ય નથી. આ મહાસાગરમાંથી સૌએ પોત-પોતાની પ્રજ્ઞા, યોગ્યતા અને ઇચ્છાઓને અનુરૂપ રત્ન કાઢ્યા છે, પરંતુ એ અક્ષય ભંડારનો પાર કોઇને પણ મળ્યો નથી. ગાયત્રીના એક એક અક્ષર અને એક-એક પદમાં કેટલું ઊંડુ જ્ઞાન સમાયેલ છે, એની જાણકારી મેળવવા જે ખૂબ મોટા વિદ્વાન હોય, તેને એટલી જ મુશ્કેલી પડે છે. અનેક ઋષિ મહર્ષિઓએ ગાયત્રી મંત્રના પ્રત્યેક અક્ષર પર વિશેષ વ્યાખ્યાઓ કરી છે અને પોત-પોતાના દૃષ્ટિકોણ અનુસાર ગાયત્રીના પદોનો અર્થ કાઢ્યો છે. એ અર્થ એટલો વધારે વિસ્તૃત અને એટલો મર્મપૂર્ણ છે કે આ થોડી લીટીઓમાં એનો ખુલાસો કરી શકાતો નથી. અહીં ગાયત્રી મંત્રનો સર્વ સુલભ અર્થ સંક્ષિપ્ત રૂપથી લખવામાં આવી રહ્યો છે. આવો પ્રથમ ગાયત્રી મંત્રના એક-એક શબ્દનો અર્થ કરીએઃ-

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

ૐ-બ્રહ્મ, ભૂઃ-પ્રાણ સ્વરૂપ, ભુવઃ-દુઃખ નાશક, સ્વઃ-સુખ સ્વરૂપ, તત્-એ, સવિતુઃ-તેજસ્વી, પ્રકાશવાન્, વરેણ્યં-શ્રેષ્ઠ, ભર્ગો-પાપ નાશક, દેવસ્ય-દિવ્યતા આપનારાને, ધીમહિ-ધારણ કરે, ધિયો-બુદ્ધિને, યો-જે, નઃ-અમારી, પ્રચોદયાત્-પ્રેરિત કરે.

ગાયત્રી મંત્રનો અર્થ છે-તે સુખ સ્વરૂપ, દુઃખ નાશક, શ્રેષ્ઠ તેજસ્વી, પાપનાશક, પ્રાણ સ્વરૂપ બ્રહ્મને ધારણ કરીએ છીએ, જે અમારી બુદ્ધિને (સન્માર્ગ પર ચાલવાની) પ્રેરણા આપે છે.

### ગાયત્રીના ત્રણ ચરણ

આ અર્થનો વિચાર કરવાથી એની અંતર્ગત ત્રણ તથ્યો પ્રગટ થાય છે. (૧) ઇશ્વરના દિવ્ય ગુણોનું ચિંતન, (૨) ઇશ્વરને પોતાની અંદર ધારણ કરવો, (૩) સદ્‌બુદ્ધિની પ્રેરણા માટે પ્રાર્થના. આ ત્રણે વાતો અસાધારણ મહત્વની છે.

મનુષ્ય જે દિશામાં વિચાર કરે છે, જે વસ્તુઓનું ચિંતન કરે છે, જે તત્વોનું ધ્યાન કરે છે, તે તમામ ધીરે-ધીરે એ ચિંતન કરનારાની મનોભૂમિમાં સ્થિર થાય છે અને આગળ વધે છે. વિચાર વિજ્ઞાનનો સારભૂત સિદ્ધાંત આપણે સમજી લેવો જોઇએ કે જે વાતો પર ચિંતને એકાગ્ર કરીશું, એ દિશામાં આપણી માનસિક શક્તિઓ પ્રકાશિત થવા લાગશે. તે પોતાની અદ્‌ભૂત સામર્થ્ય દ્વારા સૂક્ષ્મ લોકોમાંથી એવા એવા સાધન અને ઉપકરણ પકડી લાવે છે, જેના આધારે એ ચિંતનની દિશામાં મનુષ્યને વિભિન્ન પ્રકારની ગુપ્ત-પ્રગટ, દૃશ્ય-અદૃશ્ય સહાયતા મળે છે અને એ માર્ગમાં સફળતાઓનો અંબાર હાથ લાગે છે. ધ્યાન યોગનો મહિમા કોઇથી ગુપ્ત નથી.

### દિવ્ય ગુણોનું ચિંતન

ગાયત્રી મંત્રના પ્રથમ ભાગમાં ઇશ્વરના થોડાક એવા ગુણોનું ચિંતન છે જે માનવ-જીવન માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આનંદ, દુઃખનો નાશ, શ્રેષ્ઠતા, તેજ, નિર્ભયતા તથા આત્માની સર્વવ્યાપકતા, 'આત્મવત્ સર્વભૂતેષુ'ની માન્યતા પર જેટલું ધ્યાન એકાગ્ર કરવામાં આવશે, તેના મગજમાં આ તત્ત્વોની વૃદ્ધિ કરશે. મન એની તરફ આકર્ષિત થશે, અભ્યસ્ત બનશે અને એના આધાર પર કામ કરશે. આત્માની સચ્ચિદાનંદ સ્થિતિનું ચિંતન, દુઃખ-શોક રહિત બ્રાહ્મી સ્થિતિનું ચિંતન, શ્રેષ્ઠતા, તેજસ્વિતા અને નિર્મળતાનું ચિંતન, આત્માની સર્વવ્યાપકતાનું ચિંતન જો ઊંડી અનુભૂતિ અને શ્રદ્ધાપૂર્વક કરવામાં આવે, તો આત્મા એક સ્વર્ગીય દિવ્ય ભાવથી ઓતપ્રોત થઇ જાય છે. આત્મા આ દિવ્ય આનંદનો વિચાર ક્ષેત્ર સુધી જ સીમિત નથી રાખતો, પરંતુ ક્રિયામાં લાવીને એનો ખૂબ જ આનંદ ભોગવવા તરફ કદમ ઉઠાવે છે.




### ધારણ કરવાની પ્રતિજ્ઞા

ગાયત્રી મંત્રના બીજા ભાગમાં ઉપરોક્ત ગુણોવાળા તેજ પુંજને, પરમાત્માને, પોતાનામાં ધારણ કરવાની પ્રતિજ્ઞા છે. આ દિવ્ય ગુણોવાળા પરમાત્માનું ચિંતન માત્ર કરવામાં આવે તો કોઇ વાત નથી, પરંતુ ગાયત્રીની આત્માનો સુદૃઢ આદેશ છે કે એ બ્રહ્મને, તે દિવ્ય ગુણ સંપન્ન પરમાત્માને, પોતાની અંદર ધારણ કરે. તેને પોતાના રોમ-રોમમાં ઓતપ્રોત કરી લે. પરમાત્માને પોતાના કણ-કણમાં વ્યાપ્ત જુએ અને એવો અનુભવ કરે કે એ દિવ્ય ગુણોવાળા પરમાત્મા અમારી અંદર બહાર છવાઇ ગયા છે. એ દિવ્ય ગુણોમાં, એ ઇશ્વરીય સત્તામાં પોતાનો 'અહમ્' પૂર્ણ સ્વરૂપથી તન્મય થઇ ગયો છે. આ પ્રકારની ધારણાથી જેટલો સમય સુધી મનુષ્ય ઓત-પ્રોત રહેશે, એટલા સમય સુધી તેને ભૂલોકમાં રહીને પણ બ્રહ્મલોકના આનંદનો અનુભવ થશે. આ અનુભવ એટલો ગંભીર છે કે આગામી જીવનમાં બાહ્ય આવરણોમાં એનો પ્રભાવ પડ્યા વગર રહેતો નથી. એમાં સાત્વિક તત્વોની મંગળમયી અભિવૃદ્ધિ ન થાય, એવું બની ન શકે.

### સદ્‌બુદ્ધિની પ્રાર્થના

ગાયત્રી મંત્રના ત્રીજા ભાગમાં પરમાત્મા પાસે પ્રાર્થના કરવામાં આવી છે, કે અમારા માટે સદ્‌બુદ્ધિની પ્રેરણા કરે. અમને સાત્વિક બુદ્ધિ પ્રદાન કરે. અમારા મગજને કુવિચાર, કુસંસ્કાર, નીચ વાસનાઓથી, દુર્ભાવનાઓથી છુટકારો આપી સતોગુણી ઋતંભરા બુદ્ધિથી, વિવેકથી, સદ્‌જ્ઞાનથી પૂર્ણ કરે.

આ પ્રાર્થનાની અંતર્ગત જણાવવામાં આવ્યું છે કે પ્રથમ ભાગમાં જણાવેલ દિવ્ય ગુણોને મેળવવા માટે બીજા ભાગમાં બતાવેલ બ્રહ્મધારણા કરે. ત્રીજા ભાગમાં ઉપાય જણાવવામાં આવ્યો છે કે પોતાની બુદ્ધિને સાત્વિક બનાવો, આદર્શોને ઉંચે ઉઠાવો, ઉચ્ચ દાર્શનિક વિચારધારાઓમાં રમણ કરો અને પોતાની તુચ્છ તૃષ્ણા તેમજ વાસનાઓના ઇશારા પર નાચતી રહેનારી કુબુદ્ધિને માનસ લોકમાંથી બહિષ્કૃત કરી દો. જેમ-જેમ બુદ્ધિથી કલ્મષ દૂર થશે, તેમ તેમ દિવ્ય ગુણ સંપન્ન પરમાત્માના અંશોની વૃદ્ધિ થતી જશે અને એ જ પ્રમાણમાં લૌકિક અને પારલૌકિક આનંદોની અભિવૃદ્ધિ થતી જશે.

### ધર્મશાસ્ત્રોનો સાર-ગાયત્રી

ગાયત્રી મંત્રના ગર્ભમાં સમાયેલ ઉપરોક્ત વાસ્તવિકતામાં જ્ઞાન, કર્મ, ઉપાસના-ત્રણે છે. સદ્‌ગુણોનું ચિંતન જ્ઞાન છે. બ્રહ્મની ધારણા-કર્મ છે અને બુદ્ધિની સાત્વિકતા-ઇચ્છિત કામનાની પ્રાપ્તિની ક્રિયા પ્રણાલી તેમજ ઉપાસના છે. વેદોની સમસ્ત ઋચાઓ આ તથ્યને સવિસ્તાર પ્રગટ કરવા માટે પ્રગટ થઇ છે. વેદોમાં જ્ઞાન, કર્મ અને ઉપાસના આ ત્રણે વિષય છે. ગાયત્રીના બીજમાં પણ તેનું વર્ણન વ્યવહારિક, સંક્ષિપ્ત તેમજ સર્વાંગપૂર્ણ છે. આ તથ્યને, આ બીજને સાચા હૃદયથી નિષ્ઠા અને શ્રદ્ધાની સાથે અંતઃકરણમાં ઊંડો ઉતારવાનો પ્રયત્ન કરવો એ જ ગાયત્રીની ઉપાસના છે. આ ઉપાસનાથી સાધકનું બધી રીતે કલ્યાણ જ કલ્યાણ છે.

પરમાત્માની પ્રાર્થનાનો સર્વોત્તમ મંત્ર ગાયત્રી છે. એમાં ઇશ્વર પાસે એ વસ્તુ માંગવામાં આવી છે, જે આ સંસારમાં આ જીવનમાં સર્વોપરિ મહત્ત્વની છે. ''બુદ્ધિની સન્માર્ગ તરફ પ્રગતિ'' એ એટલો મોટો લાભ છે, કે એને મેળવવી ઇશ્વરની કૃપાનું પ્રત્યક્ષ ચિહ્ન માની શકાય છે. આ મંત્ર દ્વારા ઋષિઓએ અમારું ધ્યાન આ તરફ આકર્ષિત કર્યું છે કે સૌથી મોટો લાભ આપણને આની પ્રાપ્તિ જ માનવી જોઇએ. ગાયત્રીની પ્રતિષ્ઠાનો અર્થ સદ્‌બુદ્ધિની પ્રતિષ્ઠા છે. ગાયત્રીનો માર્ગ પોતાની બુદ્ધિને શુદ્ધ કરવાનો છે, એમાં દૂષિત દૃષ્ટિને દૂર કરીને દૂરદર્શિતાપૂર્ણ દૃષ્ટિકોણની સ્થાપના કરવી છે. આ લક્ષ્યને મેળવવા માટે પરમાત્માની સહાયતા માટે આ મંત્રમાં પ્રાર્થના કરવામાં આવી છે.

ગાયત્રીમાં પરમાત્માને જે ગુણોની સાથે સંબોધિત કરવામાં આવ્યા છે, તે ગુણ મનુષ્ય જીવન માટે ખૂબ જ આવશ્યક છે. સવિતા, વરેણ્યં, ભર્ગ, દેવ-આ ચાર શબ્દોમાં તેજસ્વી, પ્રતિભાવાન, શક્તિશાળી, શ્રેષ્ઠ, સંયમી, સેવાભાવી બનવાનું શિક્ષણ છે. પરમાત્મા આ બધા જ ગુણો વાળા છે. આ જ ગુણ ગાયત્રી ઉપાસકમાં આવે, એટલા માટે એની તરફ આ મંત્રમાં સંકેત કરવામાં આવ્યો છે. આ વિશેષણોની સાથે વારંવાર પરમાત્માનું સ્મરણ કરવાથી આ ગુણોનું પ્રતિબિંબ વારંવાર મન પર પડે છે અને એવા જ સંસ્કાર મન પર જામે છે. આ રીતે ગાયત્રી-ઉપાસક, શ્રેષ્ઠતાઓને અપનાવવા માટે અગ્રેસર થાય છે.

આ તો ગાયત્રીનો સ્થૂળ અર્થ છે. સૂક્ષ્મ રૂપથી જોવામાં આવે તો આ ચોવીસ અક્ષરોમાં એટલા સારગર્ભિત રહસ્ય છૂપાયેલા છે, કે એના ઉદ્‌ઘાટનથી સંસારની સમસ્ત વિદ્યાઓ, કળાઓ, શક્તિઓ તેમજ સંપદાઓ મેળવી શકાય છે.

યુગઋષિ પં. શ્રીરામ શર્મા આચાર્ય વાંગ્મય-ભાગ-૧૦ 'ગાયત્રી સાધનાનું ગુહ્ય વિવેચન'-(પા.નં.-૨.૩૧ થી ૨.૩૩માંથી) સંકલિત

# આ ગાયત્રી જયંતીથી ગાયત્રી વિદ્યાના વિસ્તારનું પ્રચંડ અભિયાન ચલાવો

## નૈષ્ઠિક સાધકોનું સ્તર ઉંચુ બને, ઘર-ઘરમાં ગાયત્રી મંત્રની સ્થાપના થાય

### વિશેષ મહત્ત્વ છે આ પર્વનું




-ગાયત્રી જયંતી, ગંગા દશેરા પર્વ દર વર્ષે વિશેષ ઉલ્લાસ તથા ઉર્જાનો પ્રવાહ લઈને આવે છે; તો પણ આ વર્ષે આ પર્વનું મહત્ત્વ વિશેષ છે.

-આ વર્ષે આ યુગના ગાયત્રીના ઋષિ, યુગના વિશ્વામિત્ર, યુગઋષિની જન્મશતાબ્દીનું પ્રયાજ વર્ષ છે. એમાં તેમને સાર્થક શ્રદ્ધાંજલિઓ ચઢાવવાની તૈયારીઓ કરવામાં આવી છે.

-આદિ શંકરાચાર્યજી રચિત ગુરુવંદના એકમાં આ પ્રકારે છેઃ-

नमोस्तु गुरवे तस्मै गायत्री रूपिणे सदा।
यस्य वागमृतंहन्ति, विषं संसार संज्ञकम्॥

અર્થાત્-એ ગુરુને નમન છે, જે સદા ગાયત્રી રૂપ છે. જેમના અમૃત વચનોથી સંસાર રૂપી વિષ નષ્ટ થઈ જાય છે.

ખબર નહીં આચાર્ય શંકરે આ ગુરુ વંદના કોઈ પ્રત્યક્ષ ગુરુને લક્ષ્ય કરીને કરી હતી અથવા ગુરુસત્તાના આદર્શને આ રૂપમાં રજૂ કર્યો હતો? પરંતુ આ ઉપમા યુગઋષિના વ્યક્તિત્વ પર ખૂબ સટીક બેસે છે. એમનું જીવન ગાયત્રીમય રહ્યું. મહાત્મા આનંદ સ્વામી જેવા નિર્વિવાદ સંત તેમને ગાયત્રી રૂપે જ સમજતા-સમજાવતા રહ્યા.

આવા ગાયત્રી રૂપ ગુરુની જન્મશતાબ્દી પર તેમને પ્રસન્ન કરવા માટે ગાયત્રી વિદ્યાના વ્યાપક વિસ્તારથી શ્રેષ્ઠ અને શું શ્રદ્ધાંજલિ હોઈ શકે છે? યુગઋષિ પ્રત્યે શ્રદ્ધા રાખનારા માટે આ ગાયત્રી જયંતીનું મહત્ત્વ વિશેષ છે. આપણે પૂરી તત્પરતા સાથે આ અભિયાનને ચલાવવું જોઈએ.

### અભિયાનના બે પક્ષ

**ગાયત્રી વિદ્યાના વિસ્તારના બે મુખ્ય પક્ષ છેઃ-**

**૧.** ગાયત્રીના નૈષ્ઠિક સાધકોના સ્તરમાં ગુરુસત્તાની ઈચ્છાની અનુરૂપ ગુણાત્મક વૃદ્ધિ થાય. એમની ઉપાસના, સાધના, આરાધનાની સાથે એમના સમયદાન-અંશદાનનું સ્તર વધે. તેઓ સ્વયં ઉત્કૃષ્ટ બને અને પોતાના પ્રભાવ ક્ષેત્રના સાધકોને શ્રેષ્ઠ બનાવવામાં સમર્થ સાબિત થાય.

આના સંદર્ભમાં પાક્ષિકના પાછલા અંકોમાં ઘણુબધું લખાઈ ચુક્યું છે. એ આલેખોને સંપાદિત કરીને એક પુસ્તક (પૉકેટ બુક) પ્રકાશિત કરવામાં આવી છે. જેનું નામ છે-'દીક્ષિત-નૈષ્ઠિક સાધક અર્પિત કરે એક સાર્થક શ્રદ્ધાંજલિ'.

ઉપરોક્ત પુસ્તક પ્રત્યેક સક્રિય સંગઠિત એકમ દ્વારા મોટી સંખ્યામાં મંગાવી લેવામાં આવે. યુગઋષિ સાથે દીક્ષિત, પરિજનોને શોધી-શોધીને આ પુસ્તક તેમના સુધી પહોંચાડવામાં આવે. એમને ભાવભરી અપીલ કરવામાં આવે કે આ મહત્ત્વપૂર્ણ સમયનો ભરપૂર લાભ ઉઠાવો.

જો દીક્ષા લીધા પછી એમની પાસે દીક્ષાને દક્ષિણાના રૂપમાં સંકલ્પિત નિયમોનું ઉલ્લંઘન થયું હોય, ઈશ્વર ઉપાસના, જીવન સાધના તથા લોક આરાધનાનો ક્રમ તૂટ્યો હોય, એના માટે કાઢવામાં આવનારા સમયદાન તેમજ અંશદાનનો નિયમ ભંગ થયો હોય; તો 'દીક્ષા વ્રત ભંગ પ્રાયશ્ચિત'ની સાથે ફરી નૈષ્ઠિક સાધકોની શ્રેણીમાં આવે. સમર્થ ગુરુસત્તાની સાથે છળ કરવાના પાપથી બચો.

'યુગ નિર્માણ સત્સંકલ્પ' તથા 'અમારા અંગ અવયવોથી' પત્રકના સૂત્રોની કસોટી પર સ્વયંની પરીક્ષા કરે. આત્મસમીક્ષા કરે, આત્મશોધન, આત્મનિર્માણના ક્રમમાં આગળ વધતા આત્મવિકાસના પથ પર અગ્રેસર બને.

ધ્યાન રહે કે યુગઋષિ પાસે દીક્ષા મેળવેલ કરોડો વ્યક્તિઓને જો સાધના પથ પર ગતિશીલ બનાવી શકાય, તો એમના પ્રાણવાન વ્યક્તિત્વ તથા આગળ પડતા સમયદાન-અંશદાનના સુનિયોજનથી જન-જનને ગાયત્રી વિદ્યા સાથે જોડવા અને ઉજ્જવળ ભવિષ્યના પથ પર આગળ વધવાનું સહજ સંભવ થઈ શકશે.

**૨. બીજો પક્ષ છેઃ-**'ગાયત્રી મંત્રની ઘરે-ઘર સ્થાપના.' હવે આ કાર્ય ખૂબ જ કઠીન નથી રહ્યું.

યુગઋષિએ સન્ ૧૯૫૮ના સહસ્ત્રકુંડીય મહાયજ્ઞ બ્રહ્માસ્ત્ર અનુષ્ઠાનના સમયે કહ્યું હતું કે 'એક દિવસ આખી દુનિયા ગાયત્રી મંત્રનો પ્રયોગ કરશે.'

એ સમયે એમની આ ઉક્તિ ભલે અટપટી લાગી હોય, પરંતુ આજે એમનું કથન સત્ય સાબિત થતું દેખાઈ રહ્યું છે. ગાયત્રી મંત્ર પર લાગેલ તમામ પ્રતિબંધ તૂટી ચુક્યા છે અને તેનો ભારત તથા દુનિયાના તમામ નાગરિકોની વચ્ચે ઝડપથી વિસ્તાર થઈ રહ્યો છે.

યુગ નિર્માણ પરિવાર, ગાયત્રી પરિવારના માધ્યમથી સનાતન ધર્મના અનુયાયીઓની વચ્ચે ગાયત્રી મહામંત્રનો પર્યાપ્ત વિસ્તાર આપવા માટે પ્રયત્નશીલ રહ્યો છે. તે આજે પણ સક્રિય છે.

- લગભગ ૧૨૫ દેશોમાં ફેલાયેલ આધ્યાત્મિક સંગઠન 'થિયોસૉફિકલ સોસાયટી'ની માન્ય પૂજા પુસ્તક 'ભારત સમાજ પૂજા'માં પાદરી લેડવિટરે ગાયત્રી મંત્રને વિશ્વનો સૌથી શક્તિશાળી મંત્ર કહ્યો છે.
- વૈષ્ણવ સંપ્રદાયના આચાર્ય અષ્ટાક્ષરી મંત્રની સાથે ગાયત્રી મંત્રને વૈષ્ણવોના માટે આવશ્યક માને છે.
- સ્વામીનારાયણ સંપ્રદાયના માન્ય પુસ્તક 'શિક્ષાપત્રી'માં ગાયત્રી મંત્રનું સમર્થન કરવામાં આવ્યું છે.
- ઋષિ ચેતનાના પ્રભાવથી વર્તમાન સમયના માન્ય સંતોએ પોત-પોતાની રીતે પોતાના અનુયાયીઓને ગાયત્રી મંત્રના ઉપયોગની અપીલ કરી છે. જેવી રીતે કાચી કામકોટિના શંકરાચાર્ય શ્રી જયેન્દ્ર સરસ્વતી, ભૂતપૂર્વ શંકરાચાર્ય સ્વામી સત્યમિત્રાનંદજી, વિશ્વમાન્ય સંત સત્યસાઈબાબા, જૂના અખાડાના પીઠાધીશ સ્વામી અવધેશાનંદજી, આર્ટ ઑફ લિવિંગના ગુરુ શ્રી શ્રી રવિશંકરજી, યોગ ગુરુ રામદેવબાબા વગેરે.

સ્પષ્ટ છે કે ગાયત્રી મંત્રના ઉપયોગને લઈને જન-મનમાં બેઠેલ ભય સમાપ્ત થઈ ચુક્યો છે. થોડી પ્રેરણા, થોડા માર્ગદર્શનથી લોકોને ગાયત્રી મંત્રની સાધનામાં પ્રવૃત્ત કરી શકાય છે.

**આટલું કરોઃ-**ગાયત્રી મંત્રના પ્રયોગની અપીલ વાળા પત્રકનું પ્રારૂપ આ આલેખમાં આપવામાં આવ્યું છે. એને સ્થાનિય સ્તર પર પર્યાપ્ત સંખ્યામાં છપાવી લેવામાં આવે.

સમજદાર લોકો જન સંપર્કના ક્રમમાં તેને ઘરે-ઘરે, જન-જન સુધી પહોંચાડે. એમને વિશ્વાસ અપાવે કે તેઓ જે કોઈ પણ ધર્મ સંપ્રદાયને માનતા હોય, જે કોઈ પણ રૂપમાં ઈશ્વર ઉપાસના કરે છે, જે કોઈ પણ ગુરુને માને છે, એજ મર્યાદામાં રહીને ગાયત્રી મહામંત્રનો ઉપયોગ નિર્ભય થઈને કરી શકે છે.

જો સહમત હોય તો એમના પૂજા સ્થળ પર કેવળ ગાયત્રી મંત્રની સ્થાપના કરાવી દો. એમના મુખ્ય હૉલમાં ગાયત્રી મંત્રના ભાવાર્થ વાળું સ્ટીકર અથવા કેલેન્ડર ટાઈપ બેનર સ્થાપિત કરાવી દો.

એમની સાથે આત્મીય સંપર્ક બનાવી રાખો. આવશ્યકતાનુસાર ગાયત્રી ઉપાસના સાથે સંબંધિત સાહિત્ય વંચાવવાનો ક્રમ ચલાવો. ગાયત્રી ઉપાસના સાથે સંબંધિત પુસ્તકોનો સેટ પણ એમને ત્યાં સ્થાપિત કરાવી શકાય છે. ✹

### ઉપાસનામાં ગાયત્રી મહામંત્રનો ઉપયોગ કરો
### એનાથી ઉપાસના વધારે બળવાન અને ફળદાયી થશે

**સમસ્યા-**મનુષ્યની યોગ્યતા અને સંપન્નતા વિવિધ રૂપોમાં વાંચી છે, તો પણ તે રોગ-શોક, તણાવ, અવસાદ (ટેંશન-ડિપ્રેશન) ક્લેશ, કંકાશ, અશાંતિ-અસંતોષનો ભોગ બની રહ્યો છે.

**કારણ-**મનુષ્યની અંદર દુર્બુદ્ધિ વિકસિત થશે. દુર્બુદ્ધિથી દુષ્કર્મ અને દુષ્કર્મથી દુર્ગતિનો ક્રમ ચાલ્યો. વ્યક્તિગત, પરિવાર, સમાજથી લઈને રાષ્ટ્રીય અને આંતર્રાષ્ટ્રીય સ્તર સુધી જે ભયંકર સમસ્યાઓ પેદા થઈ છે, એની પાછળ મૂળ કારણ ઉપરોક્ત જ છે.

**સ્ત્રોત-**આ દુર્બુદ્ધિ ક્યાંથી આવી ગઈ? એનો સ્ત્રોત શું છે? ઋષિઓ-દૃષ્ટાઓએ આ વાસ્તવિકતા સ્પષ્ટ કરી છે કે મનુષ્ય દુર્બુદ્ધિ અને સદ્બુદ્ધિ, સુમતિ-કુમતિ બન્નેની વચ્ચે રહે છે. મનુષ્ય જે ઈચ્છે તે વિકસિત કરી શકે છે. સંત તુલસીદાસે પણ કહ્યું છેઃ-

સુમતિ કુમતિ સબકે ઉર રહહી.....
સાથે સાથે એ પણ લખ્યું છે કે-
જહૉં સુમતિ તહૅં સંપતિ નાના, જહૉં કુમતિ તહૅં વિપત્તિ નિદાના ।

**સમાધાન-**જો મનુષ્યની અસાવધાનીથી દુર્બુદ્ધિ ફરી વિકસિત થાય, તો થોડી સાવધાની રાખવાથી સદ્બુદ્ધિ પણ જાગૃત કરી શકાય છે. પ્રકાશ આવતાં જ જે રીતે અંધારુ ગાયબ થઈ જાય છે, એવી જ રીતે સદ્બુદ્ધિ જાગતાં જ દુર્બુદ્ધિનો પ્રભાવ દૂર થઈ જાય છે. સદ્બુદ્ધિનો વિકાસ કરવો ખૂબ કઠીન નથી. યાદ રાખોઃ-

- મનુષ્ય મહાન છે, પરંતુ એનાથી પણ મહાન છે એનો સૃજેતા-પરમાત્મા.
- જો મનુષ્ય સાચા હૃદયથી પરમાત્મા પાસે સદ્બુદ્ધિ માંગે, તો તે અવશ્ય મળે છે.

**ગાયત્રી મહામંત્રઃ-**ગાયત્રી મહામંત્રનું અંતિમ ચરણ 'ધિયો યો નઃ પ્રચોદયાત્' પરમાત્મા પાસે આ જ પ્રાર્થના કરવામાં આવી છે કે તે આપણા સૌની બુદ્ધિને સન્માર્ગ તરફ પ્રેરિત કરે. અનાદિ કાળથી ગાયત્રી મહામંત્રને ગુરુમંત્રના રૂપમાં એટલા માટે પ્રયુક્ત કરવામાં આવતો રહ્યો છે.

ભગવાન શ્રીકૃષ્ણએ ગીતામાં કહ્યું છે કે ગાયત્રી છન્દસામહમ્....છંદોમાં વેદ મંત્રોમાં હું ગાયત્રી છું. 1

**વિવિધ પ્રયોગ-**મનુષ્ય સદ્બુદ્ધિ-સદ્વિવેકના અનુગામી બને, આ દિશામાં વિવિધ સફળ પ્રયોગ થતા રહ્યા છે-

- ભગવાન બુદ્ધે પોતાના સૂત્રોને 'બુદ્ધં શરણં ગચ્છામિ...' વગેરેમાં પણ સદ્બુદ્ધિ-સદ્વિવેકના અનુગમનનો સંકલ્પ દર્શાવ્યો છે.
- કુરાનના મંગલાચરણ-સૂરહ ફાતિહામાં પણ આ જ પ્રાર્થના કરવામાં આવી છે કે-
  'इ हिंद न स्सिरातल मुस्तकीन' -હે પરમાત્મા અમને સાચા રસ્તા પર ચલાઓ.

મહાત્મા ગાંધીજીએ પણ પોતાની પ્રાર્થનામાં 'સબકો સન્મતિ દે ભગવાન....' અંશ જોડ્યો, જે 'ધિયો યો નઃ પ્રચાદયાત્'નો જ પદ્યાનુવાદ છે.

**સાર્વભૌમ મંત્ર-**ગાયત્રી મંત્ર સાર્વભૌમ છે-આખા વિશ્વના તમામ વર્ગોના વ્યક્તિઓ માટે ઉપયોગ કરવા યોગ્ય છે.

**સંપ્રદાયોથી ઉપર-**વર્તમાન સમયમાં જેટલા પણ ધર્મ સંપ્રદાય-પ્રચલિત છે, તે બધા બે-અઢી હજાર વર્ષની અંદર જ વિકસિત થયા છે.

**ગાયત્રી મંત્ર-**વેદ મંત્રના નાતે ઓછામાં ઓછા પાંચ હજાર વર્ષ પહેલાનો છે. એટલા માટે આ તમામ સંપ્રદાયોથી બહાર-સૌના માટે ઉપયોગી છે.

**નામ રૂપથી બહાર-**એમાં પરમાત્માનું કોઈ નામ નથી. તેને સર્વનામ 'તત્' અર્થાત્ 'તે' કહીને સંબોધિત કરવામાં આવ્યા છે. 'તત્' સ્ત્રીલિંગ અથવા પુલ્લિંગથી ભિન્ન સંબોધન છે, એટલા માટે લિંગભેદથી પણ ઉપર છે.

ગાયત્રી મહામંત્રમાં ઈશ્વરનું કોઈ ભૌતિક સ્વરૂપ નથી. તેને ગુણવાચક, આદર્શોના સમુચ્ચયના રૂપમાં વ્યક્ત કરવામાં આવ્યો છે. એટલા માટે કોઈ નામ અથવા રૂપથી ઈશ્વરની ઉપાસના કરનારા સાધક એનો ઉપયોગ કોઈપણ શંકા રાખ્યા વગર કરી શકે છે.

**સૌના માટે ખુલ્લો-**એટલા માટે ગાયત્રી મહામંત્ર સાર્વભૌમ છે. સૌના માટે ખુલ્લો છે. વચ્ચે (મધ્યકાલ)માં એની પર તમામ પ્રતિબંધ લાગી ગયા હતા. તેને યુગઋષિ યુગના વિશ્વામિત્ર (વેદમૂર્તિ તપોનિષ્ઠ પં.શ્રીરામ શર્મા આચાર્યજી)એ ફરી તમામ વર્ણો-વર્ગો માટે ખોલી દીધો છે. તેને સનાતન ગુરુમંત્રનો દરજ્જો ફરી મળી ગયો છે.

આપ કોઈ પણ મત, ધર્મ સંપ્રદાયને માનતા હો, પોતાની ઉપાસનામાં ગાયત્રી મહામંત્રનો પ્રયોગ નિર્ભય થઈને કરી શકો છો. એનાથી આપની અંદર સદ્બુદ્ધિ, પ્રજ્ઞાનું જાગરણ થશે, જેના પ્રભાવથી લૌકિક તથા આધ્યાત્મિક પ્રગતિના અનેક માર્ગ ખુલશે. 2

**પરંપરાઓની તુલનામાં વિવેકને મહત્ત્વ આપીશું.**

# જન્મશતાબ્દીના વિભિન્ન આયોજનએ નવો ઉત્સાહ જગાડ્યો

## ૧૦૮ સોસાયટીઓમાં ૧૦૮ મહાદીપયજ્ઞ

**સુભાનપુરા(વડોદરા)**

તા-૯ મેના રોજ પવિત્ર અધિક વૈશાખ માસની કમલા એકાદશીના દિવસે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર સુભાનપુરા, વડોદરા શાખા દ્વારા સુભાનપુરા વિસ્તારની તમામ ૧૦૮ સોસાયટીઓમાં એક દિવસ, એક જ સમય સાથે ૧૦૮ મહાદીપયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું. આ મહાદીપયજ્ઞના માધ્યમથી પરમ પૂજ્ય ગુરુદેવનો જન્મશતાબ્દીનો સંદેશ લોકો સુધી પહોંચાડવામાં આવ્યો હતો. તમામ પરિજનોને ૨૦૧૨ની વસંત પંચમી સુધી સર્જન સાધના મહાપુરશ્ચરણ ત્રિકાળ સંધ્યા ત્રણ ટાઈમમાંથી કોઈ પણ એક ટાઈમ સાધના કરવા સંકલ્પિત કરવામાં આવ્યા. દીપયજ્ઞ દરમ્યાન દરેક સોસાયટીઓમાં અડધો કલાક સર્જન સાધના મહાપુરશ્ચરણના જપ કરવામાં આવ્યા. આ જપમાં દરેક સોસાયટીઓના પરિજનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. દીપયજ્ઞમાં સૌને બલિવૈશ્વ યજ્ઞ, પર્યાવરણ ક્રાંતિ, વ્યસનમુક્તિ વિશે સમજૂતી આપી હતી. દીપયજ્ઞમાં બ્રહ્મભોજ સાહિત્યનું વેચાણ પણ થયું હતું. વિભિન્ન સંસ્કારોનો ક્રમ પણ ચલાવ્યો હતો, જેમાં પુંસવન-૧૨, ૧૨૫-અન્ય સંસ્કારો કરાવવામાં આવ્યા હતા. યુગશક્તિ ગાયત્રીના જુના અંકો લગભગ ૧૫૦૦ વહેંચવામાં આવ્યા. તેની સાથે જ યુગશક્તિ ગાયત્રીના નવા ૬ સભ્યો બનાવવામાં આવ્યા. સોસાયટીના દરેક ઘરના દરવાજા પર સ્ટીકર લગાવવામાં આવ્યા. જે લગભગ ૧૦૦૦૦ સ્ટીકર લગાડવામાં આવ્યા. લગભગ એટલી જ સંખ્યામાં મંત્રલેખન બુકો પણ લખાવી હતી. ✸

## ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાના તેજસ્વી તારલાઓનું સન્માન

**ગાયત્રી પરિવાર ભરૂચ**

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર ભરૂચ શાખા દ્વારા ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં વાગરા તાલુકાની પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરે આવેલ તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ રાખવામાં આવ્યો હતો. આ સાથે તા-૨૦ ફેબ્રુઆરીના રોજ વાગરા ગાયત્રી પ્રજ્ઞાપીઠ પર તાલુકાની ૬૭ પ્રાથમિક શાળાઓ અને ૧૪ માધ્યમિક શાળાઓના આચાર્યશ્રી તેમજ એક સહાયક એમ દરેક શાળાના બે-બે શિક્ષકોની ભારતીય સંસ્કૃતિ જ્ઞાન વર્ધક શિબિરનું આયોજન રાખવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભરૂચ જિલ્લા ગાયત્રી પરિવાર તરફથી કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહાનુભાવોનો પ્રતિસાદ ઘણો સુંદર રહ્યો. તેઓએ વિદ્યાર્થીઓ-શિક્ષકગણને શિક્ષણ સાથે ભારતીય સંસ્કૃતિના મૂલ્યોને જીવનમાં ઉતારવાની પ્રેરણા આપી સુંદર માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું✸

## ગુરુદેવની જન્મશતાબ્દી વર્ષમાં ગામડાઓમાં પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞ અભિયાન

**ગા.શ.પીઠ અંજાર (કચ્છ)**

અંજાર ગાયત્રી શક્તિપીઠના વ્યવસ્થાપક શ્રી મોહનભાઈ ટાંક, મહિલા મંડળના બહેન શ્રીમતી મિતાબેન ટાંક અને તેમના સહયોગી દ્વારા પરમ પૂજ્ય ગુરુદેવની જન્મશતાબ્દીના પ્રયાજ વર્ષમાં પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞ અને દીપયજ્ઞના માધ્યમથી ગામે-ગામ સુંદર પ્રચાર-પ્રસારનું કાર્ય ચાલી રહ્યું છે. પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞના માધ્યમથી જનસંપર્ક કરી નવા પરિજનોને મિશન સાથે જોડીને જ્ઞાનઘટની સુંદર યોજના ચલાવી રહ્યા છે. શહેરના ગલી-મહોલ્લામાં ફરીને પરિવારના તમામ બહેનો યજ્ઞ, દીપયજ્ઞ, વિભિન્ન સંસ્કાર, દીવાલ લેખન, વ્યસનમુક્તિ, સ્ટીકર અભિયાન અને સાહિત્ય પોકેટ બુક, બલિવૈશ્વ યજ્ઞ દ્વારા કાર્યક્રમો ચલાવવામાં આવે છે. આ રીતે ૬૭ ગામોમાં આ કાર્યક્રમો સંપન્ન કરી ચુક્યા છે.

આ યોજના અંતર્ગત અંજાર તાલુકાનું જરૂ ગામના સરપંચશ્રી રામજીભાઈ તથા રોનકભાઈના માધ્યમથી પંચકુંડી ગાયત્રી યજ્ઞ અને સદ્વાક્ય લેખન અભિયાન ચલાવ્યું તથા જયેશભાઈ આચાર્ય અને હિતેશભાઈ દ્વારા સાહિત્ય, સ્ટીકર ઘરે-ઘર લગાડીને ગુરુદેવનો સંદેશો જન-જન સુધી પહોંચાડવામાં આવ્યો. આવો જ કાર્યક્રમ ખેડોઈ પાંતિયા, લોહારિયા, રાપર ખોખરા તથા ખોખરા,ચંદિયા, નાગલપર, સિનોગ્રા, ખંભરા નિંગાળ, મોડસર આ દરેક ગામોમાં પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞ દ્વારા સદવાક્ય લેખન, વ્યસનમુક્તિ, ગાયત્રી મંત્રલેખન અભિયાન પરિજનો દ્વારા સાહિત્ય પ્રચાર કરવામાં આવ્યો હતો.

તા-૯ મેના રોજ અંજારના શિવસાગર સોસાયટીમાં ૧૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞ રાખવામાં આવ્યો હતો. જેમાં સ્થાનિક પરિજનોએ યજ્ઞમાં પોતાની વિશેષ આહુતિઓ આપીને પોતાને ધન્ય થયાનો અનુભવ કર્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા પરિજનોએ ભારે જહેમત ઉઠાવી હતી. ✸

## પૂજ્યવરની જન્મશતાબ્દી વર્ષમાં ગામે-ગામે બ્રહ્મભોજ તથા સ્ટીકર અભિયાન

**પંચવટી પાર્ક-ગાંધીનગર**

એપ્રિલ મહિનામાં પરમ પૂજ્ય ગુરુદેવની જન્મશતાબ્દી વર્ષના ઉપલક્ષ્યમાં ગાંધીનગરના આજુબાજુના ગામોમાં પૂજ્ય ગુરુદેવનું સાહિત્ય બ્રહ્મભોજમાં અડધી કિંમતે પહોંચાડવામાં આવે છે. જેમાં પ્રાંતિયા, રૂપાલ, રાંધેજા, લવારપુર, ડોલરાણા, વાસણા, ધરમપુર, રાયપુર, ઈરાનપુર-મોટા, વલાદ, મેંદરા વગેરે ગામોનો સંપર્ક કરી ૪૦,૦૦૦।- રૂપિયાની કિંમતનું સાહિત્ય અડધી કિંમતે પહોંચાડવામાં આવ્યું. તેની સાથે સાથે સ્ટીકર અભિયાન પણ ચલાવવામાં આવ્યું.

આ કાર્યમાં આર્થિક સહયોગ શ્રી મનુભાઈ ઝવેરભાઈ પટેલ અને ચેતનભાઈ આદેશરાએ આપ્યો હતો.ગાયત્રી શક્તિપીઠ ગાંધીનગર તરફથી વાહનની વ્યવસ્થા કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં સમય-દાની શ્રી ગોવિંદભાઈ નાયી, કે.પી. પરમાર,ચેતનભાઈ આદેશરા, ભૂપેન્દ્રભાઈ આદેશરા, વિમલાબેન વાઘેલા, મીનાબેન પટેલ, પારૂલબેન પટેલ, ગોવિંદભાઈ પટેલ, કે.ડી.ગોહિલ, મનોજ મિસ્ત્રી, ઉમેદ ભાઈ પટેલ, કિશોરભાઈ પટવા, બાબુ ભાઈ નાયી વગેરેનો સહયોગ ખૂબ જ પ્રશંસનીય રહ્યો હતો. આ કાર્યક્રમમાં ગાયત્રી પરિજનોએ આગળ પડતો સહકાર આપ્યો હતો. ✸

## ઘડુલીમાં રમતોત્સવ યોજાયો

**ઘડુલી, તા-લખપત (કચ્છ)**

ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ઘડુલી દ્વારા સરકારી હાઈસ્કૂલમાં એથલેટીક રમતોત્સવનું આયોજન રાખવમાં આવ્યું હતું. જેમાં કબડ્ડી, ખો ખો, લંગડી, કોથળા દોડ, લાંબી કૂદ, ઉંચી કૂદ, દોડ, ક્રિકેટ જેવી રમતોનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેમાં માધ્યમિક શાળાના ભાગ લેનાર ૯૦ વિદ્યાર્થીઓને પરિવાર તરફથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા હાઈસ્કૂલ- ના આચાર્ય શ્રી સી.આર.મકવાણા તથા શિક્ષક શ્રી રામભાઈ ભલા, નરસીંહભાઈ ગરવા, દિપ્તિબેન માતંગ તેમજ ગાયત્રી પરિવારના પરિજનોએ ભારે જહેમત ઉઠાવી હતી. ✸

## કચ્છની તેજસ્વી વિદ્યાર્થીની

**ભુજ (કચ્છ)**



ગાયત્રી પરિવાર યુવા ગ્રુપની સદસ્ય કુ.દર્શના પંડ્યા ૨૦૦૮માં શાંતિકુંજ પ્રથમ વખત આવ્યા હતા અને શ્રદ્ધેય ડૉ.સાહેબના આશીર્વાદ મેળવ્યા હતા. જે આજે શિક્ષિકા તરીકેની ફરજ બજાવવાની સાથે બી.એ.ની પરીક્ષામાં કચ્છ યુનિવર્સિટીમાંથી પ્રથમ નંબર સાથે ઉત્તીર્ણ થયા છે. આખા કચ્છ જિલ્લામાં દર્શનાએ પ્રથમ નંબર મેળવ્યો છે. અહીં એ વાતનો ઉલ્લેખ કરવા જેવો છે કે ૨૦૦૧ની સાલમાં આવેલો ભુકમ્પમાં દર્શનાએ પોતાના પિતાની છત્રછાયા ગુમાવી હતી. ત્યારબાદ તેમની માતાએ દર્શના સહિત ત્રણ દિકરીઓને ભણાવી આગળ લાવ્યા. જે કૈલાસનગર ગાયત્રી પરિવાર તેમજ મહિલા મંડળમાં સક્રિય રીતે કાર્ય કરી રહ્યા છે. કુ.દર્શના આ સફળતાને પરમ પૂજ્ય ગુરુદેવ તેમજ પરમ વંદનીય માતાજીના આશીર્વાદ માને છે. ✸

## અશ્લીલ સમાચારનો વિરોધ

**ભુજ (કચ્છ)**

ભુજ ગાયત્રી પરિવાર મહિલા મંડળ તેમજ યુવા મંડળના સભ્યોએ ભુજના તમામ મહિલા મંડળોના સહયોગથી વર્તમાન પત્રોમાં આવતા અશ્લીલ સમાચાર અને ચિત્રોને બંધ કરવા ત્યાંના 'દિવ્ય ભાસ્કર દૈનિક'ના તંત્રી પાસે રજૂઆત કરી હતી. તંત્રી તરફથી સકારાત્મક જવાબ પ્રાપ્ત થયો હતો. મંડળના સભ્યોએ દરેક સમાચાર પત્રોને આ રીતે રજૂઆત કરવા સંકલ્પ લીધો હતો અને તેના બદલામાં ઉચ્ચ સંતાનની પ્રાપ્તિ જેવી આજની જરૂરિયાત વાળા લેખો આપવાની તૈયારી દર્શાવી હતી. ભૂજના દરેક એરિયામાં ઘરે-ઘર જઈ ૧૬ સંસ્કાર અભિયાનમાં પૂજ્યવરના વિચારોને પહોંચાડવાનું કાર્ય શરૂ કર્યું છે. તેની સાથે સદ્વિચાર અંતર્ગત સ્ટીકર અભિયાન પણ શરૂ છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા ભૂજ મહિલા મંડળ તેમજ યુવા મંડળના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. ✸

## બાલીસણા ગાયત્રી પ્રજ્ઞાપીઠનો વાર્ષિક પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

**ગાયત્રી પ્રજ્ઞાપીઠ બાલીસણા-જિ-પાટણ**

તા-૩૦ એપ્રિલ-૨૦૧૦ના રોજ બાલીસણા ગાયત્રી પ્રજ્ઞાપીઠનો ત્રીજો વાર્ષિક પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી રાખવામાં આવી હતી. આ કાર્યક્રમ સવારે ૩ વાગ્યાથી ગાયત્રી માતા, અંબાજી માતા, સરસ્વતી માતા, પૂજ્ય ગુરુદેવ અને વંદનીય માતાજીની પ્રતિમાઓને મંત્રોચ્ચાર સાથે દશસ્નાન કરાવવાનો ભાવુક ભક્ત -જનોએ અનેરો લ્હાવો લીધો હતો.

મંદિરના પ્રાંગણમાં ૧૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું. શાંતિકુંજ પ્રતિનિધિ શ્રી નટુકાકાએ યજ્ઞકર્મના માધ્યમથી ગુરુદેવની જન્મજયંતીની ઉજવણી નિમિત્તે મનનીય પ્રવચન આપ્યું હતું. આ યજ્ઞમાં લગભગ ૧૦૦૦ ભાવુક ભક્તોએ લાભ લીધો હતો. અંતમાં સૌને માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્થાનીય પરિજનોએ ભારે જહેમત ઉઠાવી હતી. ✸

## લગ્નની એક કંકોત્રી આવી પણ....

**સેક્ટર-૨૨-ગાંધીનગર**

તા-૧૬ મેના રોજ ગાયત્રી પરિવારના શ્રીમતી ભારતીબેન હરિભાઈ પટેલના સુપુત્ર ચિ. જતીનના શુભ લગ્નની ૫૫૦ કંકોત્રી છપાવવામાં આવી, આ કંકોત્રીમાં પરમ પૂજ્ય ગુરુદેવનું સાહિત્ય રાખવામાં આવ્યું. આ રીતે દરેક વ્યક્તિને જુદા જુદા પુસ્તકો પહોંચાડવામાં આવ્યા. ૫૫૦ વ્યક્તિઓના ઘર સુધી પૂજ્યવરના વિચારો પહોંચાડવામાં આવ્યા. ✸

### પાક્ષિક પ્રજ્ઞા અભિયાન-ની વિશેષ જાણકારી

**જે પરિજનો પ્રજ્ઞા અભિયાન પાક્ષિક ગુજરાતી ઈંટરનેટના માધ્યમથી એડવાન્સમાં વાંચવા માંગતા હોય, તેઓ ઈંટરનેટના માધ્યમથી (www.gujaratgaytri.org) વેબસાઈટ પર વાંચી શકે છે. જોન સંબંધી જાણકારી પણ આ વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.**

## ગૌમુખથી ગંગા સાગર સુધી
### ગંગાની પવિત્રતાના રક્ષણ માટે પદયાત્રા

**તા-૬ મેના રોજ ૧૧ સભ્યોની એક ટીમ ગંગાની પવિત્રતા અને સ્વચ્છતા બનાવી રાખવાનો સંદેશ જન-જન સુધી પહોંચાડવાનું લક્ષ્ય લઈને ગૌમુખથી ગંગા સાગર સુધીની પદયાત્રા પર ચાલી નિકળી છે. આચાર્ય નીરજ, હરગોવિંદ પ્રસાદ, રામકુમાર શર્મા, વીરેન્દ્ર કુમાર, પવન કુદાલ, વિજય શર્મા, શિવમ શર્મા, સુરેશ સર્વોદયી, મનોજ ગુપ્તા તેમજ ડૉ.રાજીવ મિશ્રાની આ ટીમને અનેક ધર્માચાર્ય તથા ધાર્મિક-સામાજિક સંસ્થાઓના આશીર્વાદ મળ્યા છે. તેમની યાત્રામાં તેઓ જગ્યાએ-જગ્યાએ બેઠકો યોજીને ગંગા સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ, જલ સંરક્ષણ જેવા મહત્ત્વપૂર્ણ વિષયો પર વાસ્તવિક સ્થિતિથી લોકોને અવગત કરાવશે. યાત્રાનો શુભારંભના સમયે હલકી-ફૂલકી બરફની વર્ષા કરતાં પ્રકૃતિએ પણ આ સાહસી લોકસેવિઓને પોતાના આશીષ પ્રદાન કર્યા.** ✸

**અજ્ઞાનતા એક એવી રાત્રિ છે, જેમાં ન ચાંદ છે ન તારા.**

# પછાત ગ્રામીણ વિસ્તારમાં વધતો યુગચેતનાનો અદ્ભૂત પ્રભાવ

## આદિવાસીઓનો પ્રેમ, સર્જન, સદ્ભાવનાનો મહાકુંભ

**સેંધવા-ખરગોન (મ૦પ્ર૦)**

પરમ પૂજ્ય ગુરુદેવના 'નિષાદરાજ' શ્રી ડેમનિયાભાઈની પ્રેરણા તથા પુરુષાર્થથી નજીકના ધવડી ગામમાં ગાયત્રી મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા થઈ. ૧૩ થી ૧૫ એપ્રિલની તારીખોમાં ૨૪ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ સાથે યોજાયેલ પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં લગભગ ૨૦ હજાર લોકોની સતત ઉપસ્થિતિ બની રહી. યુગ ઋષિ પરમ પૂજ્ય ગુરુદેવની કૃપા અને ડેમનિયાભાઈની પ્રેરણાથી પોતાનું જીવન બદલી રહેલ આદિવાસીઓ માટે આ કાર્યક્રમ પ્રેમ, સર્જન અને સદ્ભાવનો મહાકુંભ માલુમ પડી રહ્યો હતો. અહીં એ ઉલ્લેખનીય છે કે અગાઉ આ તારીખોમાં શ્રદ્ધેયા શૈલબહેન સાલીટાંડા પહોંચ્યા હતા. એમની પાવન સ્મૃતિમાં આ તારીખોમાં હર સાલ ત્યાં આ પ્રકારનું વિશાળ સંમેલન યોજવામાં આવે છે.

આ મહાયજ્ઞમાં ભાગ લઈ રહેલ શ્રી ડેમનિયા ભાઈએ કહ્યું-''યુવાનો જુવાની ભોગની ભઠ્ઠીમાં બાળવાની નથી, તેને સમાજના નવ-નિર્માણમાં લગાવવાની છે. આજનો યુવાન પેંટ-શર્ટ પહેરીને મોબાઈલથી ખેલી રહ્યો છે. પોતાની આદિવાસી (સનાતન) સંસ્કૃતિને અપનાવો. ધોતી પહેરો અને ખેતરમાં મહેનત કરો. તરસી ધરતી માતા તમને જળ સંરક્ષણ, વૃક્ષારોપણ જેવા અભિયાન માટે પોકારે છે.''



મંચ પર શ્રી ડેમનિયાભાઈ અને શાંતિકુંજની ટોળી

યજ્ઞ-પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ સંપન્ન કરાવવા શાંતિકુંજથી શ્રી નરેન્દ્ર ઠાકુરની ટોળી પહોંચી હતી. તેમણે વધતી જીવહત્યા તથા માંસાહારને તમામ સંકટોના વધવાનું કારણ જણાવ્યું. તેમણે કહ્યું કે પરશુરામજીને ભગવાન શ્રીરામે ક્ષત્રિય વધ રોકીને વૃક્ષારોપણ કરવાની પ્રેરણા આપી હતી. તમો પણ નશા, માંસાહાર છોડી અને આસપાસના ઉજરાયેલ પહાડોને હરાભરા બનાવવા સંકલ્પ લો.

કાર્યક્રમની વિશાળ કળશયાત્રા ૧૦ કિ.મી.નો માર્ગ કાપીને યજ્ઞ સ્થળે પહોંચી. એના પહેલાં ૧૩૦ કિ. મી.ની યાત્રા કાઢીને ૬૦ ગામોના ૧ લાખ લોકો સુધી મિશનનો સંદેશ પહોંચાડવામાં આવ્યો. ૨૫૦ લોકોએ ગુરુદીક્ષા લીધી અને ૫૦૦ લોકોએ યજ્ઞોપવિત સંસ્કાર કરાવ્યા. યજ્ઞોપવિત ધારણ કરનારાઓમાં મહિલાની સંખ્યા પણ ઘણી હતી. સર્વશ્રી જ્ઞાનેશ્વર જમરે, મગનલાલ ડુડવે, સિકરામ અકોલે, ડૉ.ટી. એસ.મહેતા, રમેશ સોલંકી, રૂપસિંહ, બાબા ધનસિંહ આર્ય, નાંદલા ડાબર, નવા ડાબર વગેરે યજ્ઞના મુખ્ય સહયોગી હતી. ✸



આત્મોત્થાનનો ઉમંગ-દીક્ષા-યજ્ઞોપવિત સંસ્કાર કરાવી રહેલ આદિવાસી ભાઈ-બહેનો

## ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનો ઈનામ વિતરણ સમારંભ

**એક્સપેરિમેન્ટલ સ્કૂલમાં ઈનામ વિતરણ**

**સુરત (ગુજરાત)**

સુરતમાં પાર્લે પોઈન્ટ અઠવા લાઈન્સ વિસ્તારમાં આવેલ એક્સપેરિમેન્ટલ સ્કૂલમાં ધોરણ-૫,૬,૭ ના ૭૭૨ વિદ્યાર્થીઓએ ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં ભાગ લીધો હતો. એક્સપેરિમેન્ટલ સ્કૂલના વિદ્યાર્થીઓએ આ પરીક્ષામાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. રાષ્ટ્રની આ સમયની મહાન સેવામાં પોતાનું આ યોગદાન આપવું સૌથી મોટી સૌભાગ્યની વાત છે. આ કાર્યની કદર કરીને આ સ્કૂલના આચાર્યા શ્રીમતી આશાબેન દેસાઈને દક્ષિણ ગુજરાત ઝોનના પ્રભારી શ્રી મોહનભાઈ શાસ્ત્રીએ એક પ્રશસ્તિ પત્ર અને સદ્વિચાર કેલેન્ડર ભેટ આપીને સન્માનિત કર્યા. આ સન્માનિત પત્ર અને ભેટ સ્કૂલના બાળકોને ઈનામ વિતરણ દિવસ પર વહીવટી ચેરમેન સાહેબ શ્રી રૂપીનભાઈ પચ્ચીગરના હસ્તે આચાર્યા બહેને પ્રાપ્ત કર્યા. સ્કૂલમાં ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનું સંચાલન સ્કૂલની શિક્ષિકા શ્રીમતી હેમાંગીની બહેન દેસાઈ કરી રહી છે.



શ્રીમતી આશાબેન દેસાઈનું સન્માન

## પ્રાર્થનાથી સ્કૂલના બાળકોમાં વૈચારિક ક્રાંતિ

**સુરત (ગુજરાત)**

પ્રાર્થનામાં મોટી શક્તિ હોય છે. પ્રાર્થના સાચા મનથી સદ્ભાવથી કરવામાં આવે તો આપણને પૂરી સફળતા મળે છે. પ્રાર્થનામાં શબ્દ હોય છે, તે શબ્દ ધ્વનિની તરંગો અંતઃચેતનાને પ્રબળ બનાવે છે અને બ્રહ્માંડની ચેતનાને સક્ષમ બનાવે છે. એક શક્તિનો પુંજ તૈયાર થાય છે. જે સંકટના વાદળોને દૂર કરે છે. ભગવાન કૃષ્ણએ અધર્મને દૂર કરી અને ધર્મની સ્થાપના કરી, ભગવાન શ્રીરામે રાક્ષસોનો વધ કરી રામ રાજ્યની સ્થાપના કરી, ગાંધીજીના સમયે અંગ્રેજોની ગુલામીથી અને એમના અત્યાચારથી ભારતની પ્રજાને મુક્ત કરાવવા માટે એમણે પણ પ્રાર્થનાનો જ સહારો લીધો હતો. નિત્ય સમય પર કરવામાં આવેલ પ્રાર્થનાથી બ્રહ્માંડમાં ગજબની શક્તિ પેદા થાય છે, જે અણુબોંબથી પણ વધારે શક્તિશાળી હોય છે. પ્રાર્થનાના બળના સામે ભરેલી બંદૂકો અને તોપની પણ કંઈ અસર ન થઈ. સત્ય અને અહિંસાના બળ પર ગાંધીજીએ દેશને આઝાદ કરાવ્યો. સૌને સત્ય અને અહિંસાનો માર્ગ બતાવ્યો.



સુરત સ્કૂલના બાળકોને પ્રાર્થના કરાવી રહેલ હેમાંગીનીબહેન દેસાઈ

સમય સમય પર પરિસ્થિતિઓમાં જે ત્રુટિઓ આવે એમાં જે ક્રાંતિ કરવાની જરૂરત પડી ત્યારે એ સમયમાં ક્રાંતિવીરોએ પોતાનું યોગદાન આપીને ક્રાંતિ તરફ પરિસ્થિતિઓ બદલી, જેવી રીતે ભગવાન બુદ્ધ, શંકરાચાર્ય, સ્વામી વિવેકાનંદ જેવા અનેક ક્રાંતિવીરોને પૃથ્વી પર આવીને ક્રાંતિ કરી. ✸

## જન્મશતાબ્દી પ્રયાજ વર્ષમાં સેટેલાઈટ બોડકદેવ શાખાની સક્રિયતા

**ગાયત્રી પરિવાર સેટેલાઈટ શાખા (અમદાવાદ)**

ગાયત્રી પરિવાર સેટેલાઈટ શાખા દ્વારા પરમ પૂજ્ય ગુરુદેવના જન્મશતાબ્દી પ્રયાજ વર્ષમાં પૂજ્યવરના વિચારોને જન-જન સુધી પહોંચાડવા માટે મહેસાણા જિલ્લાના વિભિન્ન ગામોમાં પ્રજ્ઞા પુરાણ કથા તેમજ પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞના આયોજનો રાખવામાં આવ્યા હતા.

**અંબાસણ (મહેસાણા)**

મહેસાણા જિલ્લાના અંબાસણ ગામે તા-૨૨ થી ૨૫ એપ્રિલના દિવસોમાં શ્રીમદ પ્રજ્ઞા પુરાણ કથાનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેની શરૂઆત ભવ્ય શોભાયાત્રા દ્વારા કરવામાં આવી હતી. આ શોભાયાત્રા ગામના અગ્રણી શ્રી કાંતિભાઈ પટેલના ઘેરથી કળશયાત્રાની શરૂઆત કરવામાં આવી હતી. આ શોભાયાત્રામાં લગભગ ગામના ૨૦૦ પરિજનોએ ભાગ લીધો હતો. શ્રીમદ્ પ્રજ્ઞા પુરાણ કથાનું ચાણસ્માના પ્રોફેસર શ્રીમતી મમતાબેન રામીએ પોતાની ઓજસ્વી વાણીમાં રસપાન કરાવ્યું હતું.

આ કથાની સાથે ૭ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ પણ રાખવામાં આવ્યો હતો. જેમાં સેંકડો પરિજનોએ પોતાની વિશેષ આહુતિઓ અર્પણ કરી હતી. આ યજ્ઞનું સંચાલન અમદાવાદના શ્રીમતી તારાબેન રામચંદ્ર પટેલ તેમજ ચંદ્રકાંતભાઈ પટેલે કરાવ્યું હતું. યજ્ઞની સાથે વિભિન્ન સંસ્કારોનો ક્રમ પણ રાખવામાં આવ્યો હતો. જેમાં પુંસવન-૯, વિદ્યારંભ-૪૫, ગુરુદીક્ષા-૬૦, પોથી સ્થાપના-૯૨, દેવસ્થાપના-૩૫ કરાવવામાં આવી.

આ કથામાં એ વાતનો ઉલ્લેખ કરવા જેવો છે કે જૈન સંપ્રદાયના યુવાન ભાઈ-બહેનોની શિબિર ચાલતી હતી, તેમને કથા અને યજ્ઞમાં ભાગ લેવા માટે આમંત્રણ આપ્યું હતું, આ કથા સાંભળીને જૈન મહારાજ સાહેબ કથા અને યજ્ઞથી ખૂબ જ પ્રભાવિત થયા હતા. પૂજ્ય ગુરુદેવના વિચારો સાંભળીને તેમને પ્રજ્ઞા પુરાણ સેટની સામેથી માંગણી કરી હતી. જૈન મહારાજ સાહેબે કહ્યું-આપણી સંસ્કૃતિને બચાવવાનો જે પ્રયાસ થઈ રહ્યો છે, જે અનુકરણીય છે. અંતમાં તેમણે પ્રજ્ઞા પુરાણ સેટ ભેટ આપવામાં આવ્યા.

આ કાર્યક્રમને સફળ બનાવવા ગામના પરિજનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

**લક્ષ્મીપુરા (નંદાસણ)**

તા-૨૯ એપ્રિલ થી તા-૩ મેની તારીખોમાં પ્રજ્ઞા પુરાણ કથા અને પંચ કુંડીય ગાયત્રી મહાયજ્ઞનુ આયોજન રાખવામાં આવ્યું હતું.

શ્રીમદ પ્રજ્ઞા પુરાણ કથાનું ભાવનગરના બ્રહ્મવાદિની પ્રજ્ઞા પુત્રી હીનાબેન વ્યાસે પોતાની ઓજસ્વી વાણીમાં સુરીલા સંગીત સાથે રસપાન કરાવ્યું હતું.

આ પ્રજ્ઞા પુરાણ કથાની શરૂઆત ભવ્ય શોભાયાત્રા સાથે કરવામાં આવી હતી. પોથી યજમાનના ઘરેથી કળશયાત્રા કાઢવામાં આવી હતી.

પ્રજ્ઞા પુરાણ કથાની સાથે રોજ સવારે પંચકુંડીય ગાયત્રી મહાયજ્ઞ તથા વિભિન્ન સંસ્કારો કરાવવામાં આવ્યા. જેમાં પુંસવન-૫, વિદ્યારંભ-૩૫, ગુરુદીક્ષા-૪૫, દેવ સ્થાપના-૬૦, પોથી સ્થાપના-૫૦ ઘરોમાં કરવામાં આવી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમદાવાદ તથા લક્ષ્મીપુરા (નંદાસણ)ના પરિજનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

**રૂપાલ (ગાંધીનગર)**

તા-૧૧ મે થી તા-૧૪ મે સુધી પ્રજ્ઞા પુરાણ કથા તેમજ પંચકુંડીય ગાયત્રી મહાયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું.

પ્રજ્ઞા પુરાણ કથાનું પ્રજ્ઞાપુત્રી રાજુબેન બ્રહ્મભટ્ટે ઓજસ્વી વાણીમાં સુરીલા સંગીત સાથે રસપાન કરાવ્યું હતું.

આ પ્રજ્ઞા પુરાણ કથાની શરૂઆત પોથી યજમાનના ઘરેથી વિશાળ શોભાયાત્રા સાથે કરવામાં આવી હતી. આ કળશયાત્રામાં લગભગ ૨૫૦ પરિજનો જોડાયા હતા.

કથાની સાથે દરરોજ સવારે પંચકુંડીય ગાયત્રી મહાયજ્ઞ તથા વિભિન્ન સંસ્કારોનો ક્રમ ચાલતો હતો. જેમાં પુંસવન સંસ્કાર-૨, વિદ્યારંભ સંસ્કાર-૪૫, ગુરુદીક્ષા સંસ્કાર-૧૧૬, પોથી સ્થાપના-૬૦, દેવ સ્થાપના-૧૦૭ ઘરોમાં કરાવવામાં આવી. અનેક લોકોએ પોતાના વ્યસનો છોડીને વ્યસન મુક્ત બન્યા હતા.

આમ અધિકમાસમાં ગ્રામજનોએ કથાનું રસપાન કરી, યજ્ઞમાં ભાગ લઈને પૂણ્ય કમાવવા તથા પોતાને ધન્ય થયાનો અનુભવ કર્યો હતો. ગાયત્રી પરિવાર સેટેલાઈટ શાખાએ આ કાર્ય માટે ભારે જહેમત ઉઠાવી હતી. ✸

**જે ધર્મને અપનાવવાથી મનુષ્ય નુકશાનમાં રહે, તે સાચો ધર્મ ન હોઈ શકે.**

# યુગઋષિના ક્રાંતિકારી વિચારોનું શાનદાર બીજારોપણ

## મુંબઈમાં વિદ્વાનોએ પ્રશંસા કરી

**બોરીવલી-મુંબઈ(મહારાષ્ટ્ર)** યુગશક્તિ ગાયત્રી કેન્દ્ર, બોરીવલીએ તા-૧ અને ૨ મેના રોજ પુસ્તક મેળાનું આયોજન રાખીને બોરીવલી, કાંદીવલી અને મલાડના હજારો સાહિત્ય પ્રેમી મનીષિઓ પર ઉંડી છાપ છોડી હતી. આ કેન્દ્ર સાથે જોડાયેલ યુવા કાર્યકર્તાઓ તથા બહેનોએ જન્મશતાબ્દી વર્ષમાં જ્ઞાન વિસ્તારના લક્ષ્યને ધ્યાનમાં રાખી મેળાની સફળતા માટે અથાક પ્રયાસ કર્યા તથા ઉત્કૃષ્ટ પરિણામ મેળવ્યા.

શ્રી હાલાઈ લોહાણા મહાજન વાડી, કાંદીવલીમાં યોજાયેલ આ મેળામાં જન અભિરુચિને જોતાં પસંદ કરાયેલ પુસ્તકોનું જ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ઈ-મેલ, એસ.એમ.એસ. સેવાઓનો લાભ લઈને મોટી સંખ્યામાં બુદ્ધિજીઓ સુધી નિમંત્રણ પહોંચાડવા-માં આવ્યું. યુવા, શિક્ષક, સમાજસેવી, સરકારી અધિકારીઓ સૌએ મુક્ત કંઠે યુગ સાહિત્ય તથા ગાયત્રી પરિવારના યુગ નિર્માણના પ્રયાસોની પ્રશંસા કરી.

ખગોળ વિજ્ઞાની શ્રી જે.જે.રાવલે કહ્યું-આચાર્યજી સાચા અર્થોમાં યુગ પ્રવર્તક ઋષિ છે. એમનું સાહિત્ય ખૂબ જ વ્યવહારિક તથા દરેક દૃષ્ટિથી ઉપયોગી છે. આ નાની-નાની પુસ્તિકાઓ જીવનને બદલી દેવામાં સમર્થ છે.

શ્રી યોગેશ સાગર-સ્થાનિક ધારાસભ્યએ કહ્યું-આચાર્યજીનું સાહિત્ય સંસારના પ્રસિદ્ધ વિચારકોના વિચારોનો સાર છે. મુંબઈની જનતા માટે આવા પુસ્તક મેળા ઠેર-ઠેર લગાવવા જોઈએ. ❋



પુસ્તક મેળાની મુલાકાતે ખગોળશાસ્ત્રી ડૉ.જે.જે.રાવલ અને સ્થાનિક ધારાસભ્ય શ્રી યોગેશ સાગરજી

## ઓરિસ્સાના ગામોમાં વહી રહી છે ગાયત્રીની ગંગા

**ઘરે-ઘર પહોંચ્યો સાધનાનો ઉમંગ**

**જગતસિંહપુર (ઓરિસ્સા)** જગતસિંહપુરે વર્તમાન દિવસોમાં ગ્રામ ચેતના જાગરણનું અભિયાન ચલાવ્યું છે. પ્રથમ બાલીપરી ગામની શાનદાર સફળતાએ ૨૪ ગામોમાં આ આંદોલન પહોંચાડવાનો સંકલ્પ જગાડ્યો. (વાંચો પ્રજ્ઞા અભિયાન આ જ પાક્ષિકના પાના નંબર-૬ પર)

અભિયાનનું બીજુ ચરણ પાનપોલી ગામમાં શાનદાર સફળતાની સાથે સંપન્ન થયું. એક ઘરમાં ૧૧ થી ૧૬ મેની તારીખોમાં



અખંડ જપનું આયોજન રાખી ગામવાસીઓએ ૨૪ લાખ ગાયત્રી મહામંત્ર જપ અનુષ્ઠાન કર્યું. એની સાથો સાથ જ પ્રભાતફેરી અને ઘરે-ઘર ગાયત્રી મંત્રલેખનનો ક્રમ ચલાવ્યો. ગામના ૧૦૬ યુવાનોએ વ્યસન તેમજ માંસાહાર છોડવાના સંકલ્પો લીધા. શ્રી સોનાકર વિસ્વાલના નેતૃત્વમાં ૪૫ ડિગ્રીની ગરમીના દિવસોમાં પણ છલકતી આસ્થાનું દર્શન ખરેખર ખૂબ જ અદ્‌ભૂત હતું.

**ગાયત્રીમય થઈ ગયું ગામ કેન્દ્રપાડા (ઓરિસ્સાય)**

યુવા પ્રકોષ્ઠનું ગ્રામ ચેતના જાગરણ આંદોલનની અંતર્ગત કેન્દ્રપાડા જિલ્લાના આરસાગામ પૂરી રીતે ગાયત્રીમય થઈ ગયું છે. ગામમાં કુલ ૬૦ ઘર છે અને તે તમામ સર્જન સાધના મહાપુરશ્ચરણમાં ભાગ લઈ રહેલ છે. તમામ ઘરના અખંડ જ્યોતિ પત્રિકાના સભ્યો છે તથા સાધના આંદોલનના સિવાય સર્જનાત્મક કાર્યોમાં પણ રૂચિ લઈ રહ્યા છે.

અહીં ૨૦ એપ્રિલના રોજ એક પ્રજ્ઞા આયોજન રાખવામાં આવ્યું. બાદાબુદા ગામની સરપંચ શ્રીમતી વૈજંતી નાયક તથા શ્રી વિકાસ નાયક કાર્યક્રમના મુખ્ય અતિથિ હતા. પરમ પૂજ્ય ગુરુદેવના સંકલ્પ તેમજ વિચારોથી પ્રભાવિત થઈને તેઓ બંન્ને અખંડ જ્યોતિ પત્રિકાના આજીવન સભ્યો બની ગયા. અહીં એ ઉલ્લેખનીય છે કે આરસા ગામમાં ચાલી રહેલ સાધના આંદોલનનો પ્રભાવ આસપાસના ૧૨ ગામો પર પડી રહ્યો છે.આ ગામોમાં પણ યુગ નિર્માણ આંદોલનથી સહમત લોકોએ નિયમિત સાધના ક્રમ આરંભ કરી દીધો છે. ❋



ઘરે-ઘર સંપર્ક



અખંડ જપ



મંત્ર લેખન



દીવાલ લેખન

## કેટલા પ્રભાવશાળી છે- પૂજ્ય ગુરુદેવના વિચાર !

પંતનગર કૃષિ વિશ્વવિદ્યાલયમાં ૯ થી ૧૨ માર્ચની તારીખોમાં એક વિશાળ કિસાન મેળાનું આયોજન રાખવામાં આવ્યું હતું. શ્રી શિવમ કશ્યપના નેતૃત્વમાં વિવેકાનંદ સ્વાધ્યાય મંડળ અને વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓએ આ અવસર પર યુગઋષિ પં.શ્રીરામ શર્મા આચાર્યજીના સાહિત્યની પ્રદર્શની પણ લગાવી હતી. કુ.પ્રજ્ઞા સૈની, કુ.લક્ષ્મી, કુ.શિખા, કુ.મેઘા, કુ.દીક્ષા સિંઘલ, સુધીર, દીપક, રાહુલ વગેરેએ એના પહેલાં વિશ્વવિદ્યાલય પરિસર, વાંચનાલય, છાત્રાવાસ, વર્ગો, સભાહૉલોમાં સ્ટીકર અભિયાન ચલાવ્યું, જેના સુંદર પરિણામોથી સૌ ઉત્સાહિત છે.

સ્ટીકર અભિયાન ચલાવનાર વિદ્યાર્થી ટીમે થોડા દિવસ પછી એના પરિણામને જાણવા ઈચ્છા વ્યક્ત કરી. એક વિદ્યાર્થીએ કહ્યું-''શ્રીમાન હું ડિપ્રેશનમાં રહેતો હતો. જ્યારથી મેં આચાર્યજીના વિચાર-'અસફળતા એ સિદ્ધ કરે છે કે સફળતાનો પ્રયાસ પૂરા મનથી કરવામાં આવ્યો નથી'. વાંચ્યો, ત્યારથી મારામાં આશ્ચર્યજનક પરિવર્તન આવ્યું છે. હું જોઈ રહ્યો છું કે નવા ઉત્સાહ સાથે મને સારી સફળતાઓ મળી રહી છે અને ડિપ્રેશન દૂર થઈ રહ્યું છે.''

સ્ટીકર અભિયાનથી પ્રભાવિત શિક્ષક-વિદ્યાર્થીઓએ પુસ્તક પ્રદર્શનીમાં પણ ખૂબ રૂચિ લીધી. પૂજ્ય ગુરુદેવના પુસ્તકો જોયા પછી તો તેઓ ખૂબ જ વધારે પ્રભાવિત થયા. આ મેળામાં ઉત્તરાખંડ તથા અન્ય રાજ્યોથી આવેલ વિદ્યાર્થી, શિક્ષક, આચાર્યોએ ભાગ લીધો. આયોજકગણ શ્રી મસ્તરામ શર્મા તથા શ્રી અનુજ અગ્રવાલ પણ ખૂબ ઉત્સાહિત થયા અને વધેલા આત્મવિશ્વાસ સાથે યુગ ચિંતનને ગામે-ગામ પહોંચાડવાનો સંકલ્પ લીધો. ❋

## ઋષિ ચિંતનમાં સ્વર્ણિમ ભવિષ્યની ઝાંખી

**જમાલપુર-મુંગેર (બિહાર)** ગાયત્રી શક્તિપીઠ દ્વારા જમાલપુરની રામપુર કૉલોનીના કમ્યૂનિટી હૉલમાં એક દિવ્ય અને ભવ્ય પુસ્તક મેળાનું આયોજન રાખવામાં આવ્યું, જેને દરેક અતિથિઓના મનમાં માનવીય સદ્ભાવનાઓ જગાડી. આ મેળાના માધ્યમથી જ્યાં મિશનના વિચારો સાર્વજનિક થયા, ત્યાં સેહત, દૌલત, કેરિયર, શખ્સિયત, કામયાબી, રૂહાની ભૂખ, ઈશ્વર અને સંસ્કૃતિને સમજવાના અભિલાષી પાઠકોનો નવો વર્ગ તૈયાર થયો. તા-૨ થી ૧૨ એપ્રિલના રોજ આ આયોજનમાં યુગઋષિના સદ્‌વિચારોથી નવી મનુષ્યતાના સ્વર્ણિમ ભવિષ્યની સુનિશ્ચિત સંભાવનાનુ પગેરુ સંભાળાતું રહ્યું.

પુસ્તક મેળાનો આરંભ કળશયાત્રા સાથે થયો, જેમાં શ્રદ્ધાળુઓએ વેદ, કુરાન, બાઈબલ, ગુરુગ્રંથ સાહેબ વગેરે વિભિન્ન ધર્મોના આરાધ્ય સાહિત્યને મસ્તક પર ધારણ કર્યા હતા. યાત્રામાં ''ગિરજા ગિરે, ન મંદિર ટૂટે......''ગીતના સ્વર ગાયત્રી મહામંત્રની સાથે ગુંજતા રહ્યા. પુસ્તક મેળામાં યુગઋષિના જીવન દર્શનની સાથે માનવીય એકતાને સાબિત કરનારા વિભિન્ન ધર્મોના સંદેશની પ્રદર્શની લગાવવામાં આવી, જે લાલ મશાલની દિવ્ય જ્યોતિને પ્રખર-પરિષ્કૃત કરતી રહી.

મેળામાં સમાજના વિદ્વાનોનું આવાગમન બની રહ્યું. વરિષ્ઠ પત્રકાર આચાર્ય લક્ષ્મીકાંત મિશ્રાએ આવી પ્રદર્શનીઓ તથા પુસ્તક મેળા ગ્રામિણ સ્તર પર યોજવા સલાહ-સૂચન આપ્યું.

જામા મસ્જિદના ઈમામ અબ્દુલ્લા બુખારીએ આચાર્યશ્રીની પુસ્તકને એવો બગીચો બતાવ્યો, જેમાં પતઝર ક્યારે નથી આવતી. તેમણે યુવા વર્ગને તહજીબ અને તમીજ બતાવનારા આ સાહિત્યને અનમોલ દૌલત બતાવી અને યુગઋષિની કર્મભૂમિ-શાંતિકુંજ આવવા અને જોવાની ઈચ્છા વ્યક્ત કરી.

ભીષણ ગરમી હોવા છતાં પુસ્તક મેળામાં જનસૈલાબ ઉમટી પડ્યો હતો. વિભિન્ન પત્ર-પત્રિકાઓએ પોતાની આસ્થાનું સુંદર પ્રદર્શન કરતાં એની સૂચના પુસ્તક સમીક્ષાઓ અને સમાચાર જન-જન સુધી પહોંચાડ્યા. ડૉ.રામાનંદ પ્રસાદસિંહ અને એમના સાથીઓએ પોતાના અથાક શ્રમ તથા મનોયોગથી એક ઉત્કૃષ્ટ પુસ્તક મેળાનું આયોજન કરી યુગઋષિને એક સાર્થક શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

**મહાસમુંદ (છત્તીસગઢ)** છત્તીસગઢના સોરમસિંઘી ગામમાં તા-૨૦માર્ચના રોજ વ્યસન મુક્તિ રેલી કાઢવામાં આવી. ગાયત્રી શક્તિપીઠ મહાસમુંદના તત્ત્વાવધાનમાં યોજાયેલ આ રેલીનો શુભારંભ ગામના મુખિયા શ્રી પૂનમ ચંદ્રાકરે લીલી ઝંડી દેખાડીને કર્યો. ઉત્સાહી યુવકોના જોશીલા સૂત્રોચ્ચારે આખા ગામમાં નવા ઉત્સાહનો સંચાર કર્યો, જેના પરિણામ સ્વરૂપે એક વ્યસનમુક્તિ સમિતિની રચના કરી ગામને વ્યસનમુક્ત કરવાનો સંકલ્પ લેવામાં આવ્યો.

રેલીના સમાપન પર સંકલ્પ દીપયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું. વ્યસન કરનારાને ગાયત્રી ઉપાસનાથી સંકલ્પ શક્તિ તેમજ મનોબળ વધારવાની પ્રેરણા આપવામાં આવી. આયોજકોએ જણાવ્યું કે સંકલ્પવાનનો રસ્તો કોઈ રોકી શકતું નથી. જે વ્યસન છોડવા માંગે છે, તેઓ અધ્યાત્મની શરણમાં આવે, ગાયત્રી ઉપાસના કરે, તો એમની મનોકામના પૂરી થઈને જ રહેશે. ❋

**પ્રોત્સાહન અને પ્રશંસા કરવામાં જેની જીભ રોકાય છે, તે સૌથી નિકૃષ્ટ કોટિનો કંજૂસ છે.**

## વાહન ડ્રાઈવરોની આવશ્યકતા છે

**શાંતિકુંજમાં આ દિવસોમાં એવા વાહન ડ્રાઈવરોની આવશ્યકતા છે, જે મિશનના વિચારોને અનુરૂપ હોય તથા એના અનુશાસનને માનવાવાળા હોય. એવા પરિજન જો સમયદાન કરવા ઈચ્છા ધરાવતા હોય, તો વ્યવસ્થાપક કાર્યાલય, શાંતિકુંજ સાથે સંપર્ક કરે. જો જીવન નિર્વાહ લઈને સેવા આપવા ઈચ્છા ધરાવે છે, તેમને ઉચિત નિર્વાહ આપવામાં આવશે. રહેવા તથા જમવાની વ્યવસ્થા નિઃશુલ્ક છે. વિશેષ ધ્યાન આપે કે સેવા આપવા ઈચ્છુક પરિજન એકલા જ શાંતિકુંજમાં રહી શકે છે. પરિવાર સહિત નહીં.**

**સંપર્ક કરો-૦૧૩૩૪-૨૬૧૩૨૮ (મુખ્ય કાર્યાલય)**
**મોબાઈલ-૦૯૩૫૮૧૧૩૩૦૭ (ડૉ.એ.કે.દત્તા)**

**પહેલાં મનુષ્ય ભોગ ભોગવે છે, પછી ભોગ મનુષ્યને ભોગવે છે.**

## રાષ્ટ્રીય ચેતના જગાડી રહેલ ભા.સં.જ્ઞા.પ.

### લખનૌઃ આલમબાગ અને ઈંદિરાનગરનો પુરસ્કાર વિતરણ સમારંભ

**લખનૌ (ઉત્તર પ્રદેશ)**

લખનૌ મહાનગરના આલમબાગ વિસ્તારમાં કાનપુર રોડ પર આવેલ શગુન ગેસ્ટ હાઉસ, રામગઢ કૉલોનીમાં ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનો પુરસ્કાર વિતરણ સમારોહ રાખવામાં આવ્યો હતો. શ્રી રાકેશ મિશ્ર-આયકર આયુક્ત તથા શ્રી એસ.કે.શ્રીવાસ્તવ સન્માનિત કરવામાં આવ્યા. આખા લખનૌમાં સૌથી વધારે છાત્ર સંખ્યા બેસાડવા માટે લખનૌના સેક્ટર-આઈ, કાનપુર રોડ પર આવેલ પબ્લિક સ્કૂલના આચાર્ય સુશ્રી મંજુલા ખરેનું વિશેષ સન્માન કરવામાં આવ્યું. સભાનું સંચાલન લખનૌના જિલ્લા સંયોજક શ્રી અનૂપ કુમાર શ્રીવાસ્તવે કર્યું.



ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાના પ્રાંતીય સંયોજક સમારોહના મુખ્ય અતિથિ સ્થાને પધાર્યા હતા.

શ્રી મિશ્રાજીએ પુરસ્કૃત છાત્રોનું હાર્દિક અભિવાદન કરતાં બાળકોમાં માનવીય મૂલ્યોનો વિકાસ કરવામાં આ પરીક્ષાના યોગદાનની ચર્ચા કરી. તેમણે કહ્યું કે આ પરીક્ષા રાષ્ટ્રીય ચેતના જગાડી રહી છે. તેમણે રાજધાનીના પ્રત્યેક વિદ્યાલયોમાં આચાર્ય તથા શિક્ષકોને આ પરીક્ષા યોજવા તથા સો ટકા છાત્રોને બેસાડવા આવાહન કર્યું.

શ્રી એસ.કે.શ્રીવાસ્તવે જન્મ શતાબ્દી અભિયાનનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે યુગ ચેતનાને ઘરે-ઘર પહોંચાડવામાં આ પરીક્ષાનું મોટું યોગદાન છે. એના માધ્યમથી પરમ પૂજ્ય ગુરુદેવનું જન-જનમાં માનવીય સંવેદના અને રાષ્ટ્રપ્રેમ જગાડવાનું લક્ષ્ય પૂરૂ થઈ રહ્યું છે.

સમારોહમાં ધોરણ-૬ થી ધોરણ-૧૨ સુધીની પ્રત્યેક વર્ગના પ્રથમ ત્રણ ક્રમે આવનાર વિદ્યાર્થીઓને પદક, રોકડ રકમ તેમજ યુગ સાહિત્ય આપીને

ઈંદિરાનગર જોનનો પુરસ્કાર વિતરણ સમારોહ તા-૫ મેના રોજ ગાયત્રી જ્ઞાન મંદિરમાં રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમના મુખ્ય અતિથિ મુખ્યમંત્રીશ્રીના વિશેષ સચિવ શ્રી રાકેશ કુમાર ઓઝાએ આ સમારોહને સંબોધતા કહ્યું કે ભારતીય સંસ્કૃતિ વિશ્વની સર્વશ્રેષ્ઠ સંસ્કૃતિ છે. એ વ્યક્તિમાં સમરસતા, સમાનતા, પોતાના માટે કઠોરતા તથા બીજાને માટે ઉદારતા, ત્યાગ-બલિદાનનો ભાવ વિકસિત કરે છે. એ આપણને ગર્વથી જીવતા શિખવાડે છે અને ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા આ સંસ્કૃતિના સંસ્કારોને બાળ મનમાં પ્રતિષ્ઠિત કરી રહી છે.



સમારોહમાં શ્રી એસ.કે. શ્રીવાસ્તવે પરીક્ષાના મહત્ત્વ પર પ્રકાશ ફેંક્યો. ઝોન સંયોજક શ્રી ઉમાનંદ શર્માએ જણાવ્યું કે ૯૦ વિદ્યાલયોના ૯૦૦૦ વિદ્યાર્થી પરીક્ષામાં સામેલ થયા હતા. પ્રથમ ત્રણ નંબરે આવેલ વિદ્યાર્થીઓને પુરસ્કાર, પ્રશસ્તી પત્ર તેમજ ટ્રોફી આપીને સન્માનિત કરવામાં આવ્યા. તમામ સહયોગીઓને પણ પ્રશસ્તી પત્ર આપવામાં આવ્યા. ✸

## શ્રી શમશુદ્દીન અંસારી યુગ નિર્માણી બન્યા

**શ્રી શમશુદ્દીન અંસારી**



તા-૧૧ એપ્રિલના રોજ રાઘોપુરના ગાયત્રી મહાયજ્ઞમાં શ્રી શમ-શુદ્દીન અંસારીએ ગાયત્રી મંત્રની દીક્ષા લીધી. અહીં એ ઉલ્લેખનીય છે કે તેઓ છેલ્લા ૧૦ વર્ષથી અખંડ જ્યોતિ, યુગ નિર્માણ યોજના તથા પ્રજ્ઞા અભિયાન પાક્ષિકના પાઠક છે. પ્રજ્ઞા અભિયાનના પાછલા અંકોમાં મુસ્લિમ સમાજમાં યુગ નિર્માણ આંદોલન પ્રત્યે વધતી આસ્થાના સમાચારોએ તેમને સમયને ઓળખવામાં ખૂબ જ સહયોગ કર્યો. તેમણે દીક્ષાની સાથે જ જીવનના અનેક દુર્ગુણો છોડી દીધા છે અને નિત્ય ગાયત્રી ઉપાસના કરવા લાગ્યા છે. અથાગ સેવા-સક્રિયતાથી ભૂલી ભટકી માનવતાને યુગઋષિના વિચારોના સંપર્કમાં જવું જ તેમનો સંકલ્પ છે. ✸

## વિદ્યા વિસ્તાર આંદોલનમાં અગ્રણી સહયોગ આપનારા મહાનુભાવોનું સન્માન

**લખનૌ (ઉત્તર પ્રદેશ)**

જ્ઞાનયજ્ઞ માટે ક્રાંતિકારી સેવાઓ પ્રદાન કરી રહેલ ઈંદિરા નગર ગાયત્રી જ્ઞાન મંદિરે તા-૨ મે-

### જ્ઞાનયજ્ઞ સંસ્કૃતિ સન્માન સમારોહ



૧૦ના રોજ એક અનોખા કાર્યક્રમ 'જ્ઞાનયજ્ઞ સંસ્કૃતિ સન્માન સમારોહ' નું આયોજન રાખ્યું હતું. સી.આઈ.ડી.મહાનિર્દેશક શ્રી પદમન સિંહ અને શાંતિકુંજ પ્રતિનિધિ પ્રો.પ્રમોદ ભટનાગર કાર્યક્રમના મુખ્ય અતિથિ તથા શ્રીમતી ચિત્રા ત્રિપાઠી વિશેષ અતિથિ સ્થાને પધાર્યા હતા. આ સમારોહમાં નગરના ૧૭૪ પ્રતિષ્ઠિત પુસ્તકાલયોમાં યુગઋષિનું સમગ્ર વાંગ્મય સ્થાપિત કરાવનારા ૬૧ દાનદાતાઓનું સન્માન કરવામાં આવ્યું. અહીં એ ઉલ્લેખનિય છે કે આ દાનદાતાઓએ પરમ પૂજ્ય ગુરુદેવના આદર્શોનું પાલન કરતાં પોતાના પિતૃઓની સ્મૃતિઓમાં અને જન્મ દિવસ, વિવાહ દિવસ, પ્રમોશન પાર્ટી જેવા સમારોહોનો ખર્ચ બચાવીને, મૃતક ભોજની જગ્યાએ જ્ઞાનયજ્ઞ કરતાં આ પુસ્તકાલયોમાં યુગ સાહિત્યની સ્થાપના કરાવવામાં આવી.

પ્રો.પ્રમોદ ભટનાગરે સમારોહને સંબોધનમાં સદ્જ્ઞાનને એવું અમૃત જણાવ્યું, જેના પાનથી નરથી નારાયણ બની શકાય છે. તેમણે સમાજમાં વ્યાપ્ત અજ્ઞાનજન્ય તમામ કષ્ટ-પરેશાનીઓ અને વિસંગતિઓને દૂર કરવા માટે પરમ પૂજ્ય ગુરુદેવના સાહિત્યને ઘરે-ઘર, જન-જન સુધી પહોંચાડી દેવા આવાહન કર્યું.

રાષ્ટ્રપતિ પુરસ્કારથી સન્માનિત મહાનિર્દેશક શ્રી પદમનસિંહે કહ્યું કે આચાર્યશ્રીના વિચારોએ ક્રાંતિનું રૂપ લઈ લીધું છે. લોકોમાં બદલાવ દેખાઈ રહ્યો છે. નિશ્ચિત જ યુગ બદલાશે. આચાર્યશ્રીના 'હમ બદલેંગે-યુગ બદલેગા'નો ઉદ્દ્ઘોષ સાકાર થતો દેખાઈ રહ્યો છે.

ગાયત્રી જ્ઞાન મંદિર, ઈંદિરાનગરે અગ્રણી પરિજનોના સહયોગનું અભિવાદન કરતાં જણાવ્યું કે અત્યાર સુધી ૧૭૪ પુસ્તકાલયોમાં વાંગ્મય સ્થાપના કરવામાં આવી ચુકી છે, જન્મ શતાબ્દી વર્ષ-૨૦૧૧ સુધી ૨૧૧ પુસ્તકાલયોમાં આ સ્થાપના કરાવવવાનું તેમનું લક્ષ્ય છે.

અભિનંદન સમારોહમાં સૌ દાનદાતાઓને પ્રશસ્તિ પત્ર આપવામાં આવ્યા. શ્રીમતી ચિત્રા ત્રિપાઠીએ પોતાના સ્વર્ગીય પતિ શ્રી રાધેશ્યામ ત્રિપાઠીની સ્મૃતિમાં તમામ શ્રોતાઓને 'પત્ર-પાથેય' (યુગ ઋષિના મહત્ત્વપૂર્ણ ૮૯ પત્રોનું સંકલન ગ્રંથ) ભેટ આપ્યો. આ સમારોહથી ઉત્સાહિત શ્રોતાઓએ પોતાના ધનનો સદુપયોગ કરતાં પરિવર્તનની આ વિશિષ્ટ વેળામાં જ્ઞાનયજ્ઞને ગતિ આપવા સંકલ્પ લીધો.

**મુજફ્ફરપુર (બિહાર)**

શહેરના ગોલા રોડ પર આવેલ સુપ્રસિદ્ધ શ્રી ગાંધી પુસ્તકાલયમાં યુગઋષિ પં.શ્રીરામ શર્મા આચાર્યજી-ના સમગ્ર વાંગ્મયની સ્થાપના કરવામાં આવી. સ્થાનિય શાખાના વરિષ્ઠ પ્રતિનિધિ ડૉ.શ્રીકાંત ભટ્ટે પોતાના પિતા ડૉ.સચ્ચિદાનંદજીની સ્મૃતિમાં આ સ્થાપના કરાવી છે. વાંગ્મયના બધા ૭૦ ભાગ સિવાય વેદ, ઉપનિષદ, પ્રજ્ઞા પુરાણ વગેરે આર્ષ ગ્રંથ એક લોખંડના કબાટ સહિત પુસ્તકાલય એમના દ્વારા ભેટ આપવામાં આવ્યું.

વાંગ્મય સાહિત્યની સ્થાપના શાંતિકુંજ પ્રતિનિધિ શ્રી આનંદ મિશ્રાની મુખ્ય ઉપસ્થિતિમાં કરવામાં આવી. આરંભમાં ડૉ.ભટ્ટના ઘરેથી પુસ્તકાલય સુધી યુગ સાહિત્યની શોભાયાત્રા કાઢવામાં આવી. ગરીબ બાળકોને પોલીયોની રસી માટે પુસ્તકાલયને એક ફ્રીજ પણ નિઃશુલ્ક આપવામાં આવ્યું. કાર્યક્રમમાં ગાંધી પુસ્તકાલયના અધ્યક્ષ શ્રી રઘુનાથ પ્રસાદ, રામલખન શાહુ, ડૉ. વિનોદકુમાર ગુપ્તા, સુરેશ ચાચાન વગેરે અનેક પરિજન ઉપસ્થિત રહ્યા હતા. ✸

## ગ્રામ ચેતના જાગરણ અભિયાન ચલાવ્યું

**જગતસિંહપુર (ઓરિસ્સા)**

સ્થાનિય યુવા સંગઠને જગત સિંહપુર જિલ્લાના બાલીપરી ગામથી ગ્રામ ચેતના જાગરણ અભિયાનનો શુભારંભ કર્યો. આ અભિયાનની અંતર્ગત ગામમાં ૨૪ લાખ ગાયત્રી મહામંત્રના સામૂહિક જપ અનુષ્ઠાન એ ગામવાસી પાસે જ કરાવ્યું. એની સાથે તેમને યુગ નિર્માણ આંદોલનની વિસ્તૃત જાણકારીની સાથે પરમ પૂજ્ય ગુરુદેવના વિચારોથી અવગત કરાવવામાં આવે છે. લોકોને મિશનની પત્રિકાઓ વાંચવા, નશા તથા માંસાહારને ત્યાગવા તથા સર્જનાત્મક આંદોલનોમાં ભાગીદારી માટે સહમત કરવામાં આવે છે. યુવા પ્રકોષ્ઠને અભિયાન પહેલાં જ બાલીપરી ગામમાં મળેલી અસાધારણ સફળતાએ એમનો ઉત્સાહ બમણો કરી દીધો. પરિણામ સ્વરૂપ તેમણે જન્મશતાબ્દી સુધી ૨૪ ગામમાં આ જ પ્રયોગ દોહરાવતાં સમગ્ર ક્ષેત્રનું મંથન કરવા સંકલ્પ લીધો. આ સમાચાર લખાયા ત્યાં સુધી





આગામી ગામ પાનીપોલીમાં પણ જન જાગરણ અભિયાન જોરશોરથી ચાલી રહ્યું હતું.

બાલીપરી માત્ર ૧૬૫ ઘરોનું નાનકડું ગામ છે. ત્યાં ૭ દિવસ સુધી અખંડ જપ અનુષ્ઠાન ચાલ્યું, જેમાં લગભગ દરેક ઘરના સભ્યોએ ભાગ લીધો. આચાર્યા સુશ્રી લલિતા દાસ તથા સુનાકર બિસવાલની પ્રેરણાથી ૬૦ લોકોને મિશનમાં સક્રિય ભાગીદારીના સંકલ્પ લેવડાવવામાં આવ્યા. એ દરમ્યાન નિત્ય પ્રભાત ફેરી કાઢવામાં આવી, આખા ગામની સડકોની સફાઈ કરવામાં આવી. શ્રી પ્રફુલ્લ રાઉતની પ્રેરણાથી ઘરે-ઘર સ્ટીકર લગાવવામાં આવ્યા, મંત્ર લેખન સાધના કરાવવામાં આવી અને પત્રિકાઓના સભ્યો બનાવવાની સાથે સાહિત્ય પણ પહોંચાડવામાં આવ્યું. ગૌસંરક્ષણ તથા વૃક્ષારોપણ માટે પણ કાર્ય થયું. કાર્યક્રમ પછી ગ્રામ ટોળી આ કાર્યને આગળ વધારી રહી છે. ✸

**કોઈ પણ સાધના કેટલી પણ ઉંચી કેમ ન હોય પરંતુ તે સત્ય વગર સફળ નથી થતી.**

# સીપ નદીની સફાઈ અભિયાનમાં લાગી ગયા શ્યોપુરના પરિજનો

**શ્યોપુર (મધ્યપ્રદેશ)**

શ્યોપુરના જિલ્લા કલેકટર શ્રી એસ.એન.રૂપલાની પહેલ પર શહેરની જીવન રેખા સીપ નદીને હંમેશા સ્વચ્છ બનાવી રાખવાનો પ્રયાસ જોરશોરથી ચાલી રહ્યો છે, જેમાં સ્થાનિય ગાયત્રી પરિવાર શાખા મુખ્ય યોગદાન આપી રહી છે.

તા-૧૦ એપ્રિલના રોજ સીપ નદીને નિર્મળ અને હંમેશા સ્વચ્છ બનાવી રાખવાની બાબતમાં સરકારી અધિકારીઓ, શહેરની પ્રમુખ સંસ્થાઓ, લોક પ્રતિનિધિઓ, પત્રકારોની એક બેઠક યોજવામાં આવી હતી. જેની અધ્યક્ષતા જિલ્લા કલેકટરશ્રીએ કરી હતી. શક્તિપીઠના મુખ્ય ટ્રસ્ટી શ્રી આદિત્ય ચૌહાણે એમાં ગાયત્રી પરિવારનું પ્રતિનિધિત્વ કરતાં વિશેષ મહત્ત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું. કલેકટરશ્રીએ આને વ્યવહારિક રૂપ આપવા માટે નગરપાલિકાને તેની જવાબદારી સોંપી.

આ બેઠક પછી સીપ નદીને ઉંડી બનાવવાનું કાર્ય વિભિન્ન સંસ્થાઓને સોંપવામાં આવ્યું. ગાયત્રી પરિવારને સેકટર નંબર-૨ની જવાબદારી આપવામાં આવી હતી. જ્યાં અન્ય સંસ્થાઓ બે ત્રણ દિવસમાં જ થાકીને હારી જતી નજર આવી, ત્યાં આ સમાચાર લખાઈ રહ્યા હતા ત્યાં સુધી નવમા દિવસે પણ ગાયત્રી પરિવાર દ્વારા સફાઈ-શ્રમદાનનું કાર્ય જોરશોરથી કરવામાં આવી રહ્યું હતું. ગાયત્રી પરિવારના પરિજનોએ પત્રકારોને જણાવ્યું કે નર્મદા જળ શુદ્ધિકરણ અભિયાને આખા રાજ્યમાં નદીઓના ઉત્થાન માટે વ્યાપક જનચેતના જગાડી છે. સીપ નદીને ઉંડી બનાવવાના અભિયાનમાં ભાગીદારી કરવી એ અમારું સૌભાગ્ય છે. તેઓ સમાજના વિકાસમાં ભરપૂર યોગદાન આપી પોતાની ગુરુસત્તાને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માંગે છે.

**ગાયત્રી પરિવારની ભાગીદારી**

- ➢જિલ્લા કલેક્ટરે કરી પહેલ
- ➢દૂષત પાણીને સ્વચ્છ બનાવવા નવા યંત્રની ડિઝાઈન રજુ કરી
- ➢અનેક દિવસો સુધી ચાલ્યું સફાઈ અભિયાન

અતિક્રમણ રોકવા, નદીના પાણીને સિંચાઈ કાર્યમાં નિયંત્રિત કરવા, વૃક્ષારોપણ કરવા જેવા માર્ગદર્શન સાથે શ્રી ચૌહાણજીએ ગંદા નાળાઓના પાણીને પહેલાં સ્વચ્છ બનાવવા વિશેષ યંત્રોની ડિઝાઈન પણ રજૂ કરી. જિલ્લા ✸

# જન્મ શતાબ્દીના યજ્ઞીય આયોજનોએ જગાડ્યો નવ ઉત્સાહ

## સો ગામો સુધી પહોંચી બહેનો

**બરઘાટ-સિવની (મધ્યપ્રદેશ)**

૩૬ ગામોમાં શૃંખલાબદ્ધ થયેલ પાંચ કુંડીય ગાયત્રી મહાયજ્ઞની પૂર્ણાહુતિના ક્રમમાં ગામ બરઘાટમાં



બરઘાટ-સિવની

તા-૧૩ થી ૧૬ એપ્રિલમાં ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞ સાથે થયો. મહિલા મંડળની બહેનોએ ૧૦૦ થી વધુ ગામોમાં પ્રચાર-પ્રસાર કર્યો. જેનું પરિણામ એ હતું, તા-૧૩ એપ્રિલે કળશયાત્રામાં બહેનોએ સૂર્યની પ્રચંડ ગરમીમાં પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા, ત્યાં ભાઈઓએ મસ્તક ઉપર પ્રજ્ઞા પુરાણ લઈને ઉત્સાહને બમણો કરી દીધો.

કેન્દ્રીય પ્રતિનિધિ શ્રી સોમદેવ પટૈયા, શ્રી સંજયસિંહ ઠાકુર, શ્રી મણિકાંત ચૌધરીની ટોળીએ કથાના માધ્યમથી સમસ્ત સમસ્યાઓનું સમાધાન અધ્યાત્મ, પરિવાર નિર્માણ, નારી જાગરણ, નશા નાબૂદી વગેરે વિષયો પર વિસ્તારથી જાણકારી આપી. યજ્ઞ દરમ્યાન ૧૫ પુંસવન, ૮૨ અન્નપ્રાશન, ૨૨ વિદ્યારંભ, ૬૧ મુંડન, ૪૮ દીક્ષા સહિત વિવાહ સંસ્કાર પણ સંપન્ન થયા. ટોળીએ નિત્ય પ્રાતઃ પ્રજ્ઞાયોગ, ધ્યાનનો અભ્યાસ કરાવ્યો, જેનો ઘણા બધા લોકોએ લાભ લીધો.

**કરનાલ (હરિયાણા)**

સુવિખ્યાત વિદ્વાન પં.સાધુરામ બંધુ અને પ્રધાન પં.ઈશ્વર દત્તજીની વિશેષ ઉપસ્થિતિમાં પાંચ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ થયો. જેનું સંચાલન શ્રી સતિષ ગૌતમ અને શ્રી રવિદત્ત શર્માએ કર્યું. તેમણે આ પ્રસંગે 'યજ્ઞ એક શિક્ષણ એક ઉચ્ચ સ્તરીય વિજ્ઞાન પણ' વિષય પર યુગઋષિનું ચિંતન વિદ્વતસભા સમક્ષ પ્રસ્તુત કર્યું. અતિથિગણ આ યજ્ઞ વિજ્ઞાનથી ખૂબ જ પ્રભાવિત થયા અને મુક્તકંઠે યુગઋષિના વિચાર અને અભિયાનના ગુણગાન ગાયા.

શ્રી બંધુજીએ કહ્યું-''આ યજ્ઞ અદ્વિતીય છે. આચાર્યશ્રી આ યુગમાં ભારતીય સંસ્કૃતિના ઉન્નાયક પુરોહિત છે. તેમના દ્વારા રચિત સાહિત્યનું મૂલ્યાંકન કરી સકાતું નથી. નિશ્ચિતપણે આ વિચારોથી યુગ નિર્માણ થઈને જ રહેશ.'' ✸

# યુવા ચેતના શિબિર યોજાઈ ગઈ

**ગા૦શક્તિપીઠ બસ્તાકોલા, ધનબાદ (ઝારખંડ)**

ગાયત્રી શક્તિપીઠ બસ્તાકોલા પર યુવા ચેતના શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શાંતિકુંજના વરિષ્ઠ પ્રતિનિધિ શ્રી કપિલજી, ડૉ. અમલ કુમાર દત્તા અને શ્રી વિનય બાજપેયજીએ આ શિબિરને સંબોધિત કરી હતી. શાંતિકુંજ પ્રતિનિધિઓએ ઉપસ્થિત યુવા શક્તિને ગાયત્રી ઉપાસનાથી દેવત્વને વરણ કરવાની માર્મિક પ્રેરણા આપી હતી. એમણે કહ્યું કે સંસારમાં પ્રતિકુળતાઓ અને વિભીષિકાઓનો અંબાર લાગેલો છે. આપણે તેનો પ્રતિકાર કરી શકીએ તેમ નથી કારણ કે આપણે કમજોર છીએ, આપણે તો પોતાની જ કુટેવો સામે લડી શકવા અસમર્થ છીએ. એમણે કહ્યું કે જેઓ એકાંકી પોતાની જાતમાં પરિવર્તન લાવવા મુશ્કેલી અનુભવી રહ્યા છે, તેમણે દેવ પરિવાર સાથે જોડાવીને બદલાવવાનો અવસર આપવો જોઈએ. દરેક ગામ -દરેક શહેરમાં સામૂહિક યુગ સાધનાનું વાતાવરણ બનાવવું જોઈએ. યુવાનીની સાર્થકતા એમાંજ છે કે પોતાને ઉત્કૃષ્ઠ બનાવીને બીજાને ઉંચે ઉઠાવો.

શુભારંભ શ્રી રામસ્વરૂપજી દ્વારા દીપ પ્રજ્વલનથી કરવામાં આવ્યું હતું. સર્વશ્રી કે.પી. સિંહ, વિભૂતિશરણ સિંહ, જયેન્દ્ર પ્રસાદ કેશરી વગેરેની મુખ્ય ઉપસ્થિતિ રહી હતી.

ભૂલીના નવ ચેતના કેન્દ્રમાં યોજાયેલ જનસભાને સંબોધિત કરતા શ્રી કેશરીજીએ કહ્યું કે પરમ પૂજ્ય ગુરૂદેવનું અવતરણ અવતાર પરંપરાની અંતર્ગત થયેલ છે. મત્સ્યાવતારના સમયે પ્રલયંકારી સ્થિતિથી રક્ષા કરવા માટે એક હોડીનું સર્જન થયેલ. આજે માનવતાની રક્ષા માટે ગાયત્રી મંત્રને પૂજ્ય આચાર્યજીએ વિશ્વ વ્યાપી બનાવ્યો છે. આને જાતી, લિંગ, ભાષા, ધર્મ, સંપ્રદાય વગેરેની સીમામાંથી ઉઠાવીને સર્વજન હિતાય વ્યક્તિ-વ્યક્તિએ અપનાવવો જોઈએ. આના પહેલા સર્વશ્રી કે.પી. સિંહ, આર.ડી. સિંહ, જયગોવિંદ પ્રસાદ, વિભૂતિ શરણ સિંહ વગેરે કેંદ્રીય પ્રતિનિધિ-ઓનું સ્વાગત કર્યુ હતું. ✸

# સ્થાપના દિવસ પર વરિષ્ઠોનું સન્માન

**કાનપુર (ઉત્તર પ્રદેશ)**

તા-૧૭ એપ્રિલના રોજ કિદવઈ નગર ગાયત્રી પરિવારના પરિજનોએ ગાયત્રી શક્તિપીઠનો ૩૦મો સ્થાપના દિવસ વરિષ્ઠ પરિજનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતાં સંકલ્પ દિવસના રૂપમાં મનાવ્યો. આ પ્રસંગે લગભગ ૮૦ વૃદ્ધ



વૃદ્ધોના ચહેરા પર ખીલી ઉઠી આત્મસન્માનની પ્રસન્નતા

પરિજનોને સન્માનિત કરવામાં આવ્યા. તેમને આશ્વાસન આપ્યું કે એમના પુરુષાર્થ તેમજ ત્યાગને અમો ભૂલીશું નહીં. અમો સૌ પ્રાણપણથી એમના સંકલ્પોને પૂરા કરવાના પ્રયાસ કરીશું.

શરૂઆતના દિવસોમાં મિશનની સ્થાપના કરનારા સ્વ.રામદાસ વર્મા, સ્વીકૃતિલાલ ગુપ્તા, અયોધ્યા પ્રસાદ દીક્ષિત તેમજ પ્રભુશંકર તિવારીને ભાવભર્યા હૃદયથી યાદ કરતાં પ્રતિક રૂપમાં એમના પરિજનોને સન્માનિત કરવામાં આવ્યા.

શ્રીમતી મધુ ગુપ્તાએ ''નીવ કે પત્થરો યહ મિશન કા ભવન સદા રહેગા ઋણી....'' ગીત દ્વારા વાતાવરણને ભાવ સંવેદનાથી ઓતપ્રોત કરી દીધું. તમામ વૃદ્ધો પરસ્પર હળીમળીને જૂની યાદોને તાજી કરી આનંદિત થયા. તેમણે પોતાના આશીર્વાદ આપતાં સંરક્ષણ પ્રદાન કરતા રહેવાનું આશ્વાસન આપ્યું. ✸

# ઉદ્દેશ્યપૂર્ણ પદયાત્રા

**જોધપુર (રાજસ્થાન)**

પુરુષોત્તમ મહિનામાં મારવાડના શ્રદ્ધાળુ ઐતિહાસિક ભોગિશૈલ પર્વતમાળામાં આવેલ ઋષિ-મુનિઓની તપસ્થળીઓની પદયાત્રા કરી પૂણ્ય કમાય છે. આ વર્ષે ગાયત્રી પરિવારે આ યાત્રાની સાથે દીપયજ્ઞ, વિચાર બેઠક તેમજ સત્સંગ, સ્વાધ્યાય જેવા કાર્યક્રમો જોડીને આને ખૂબ જ સરસ બનાવી દીધી હતી. દીપયજ્ઞોમાં યાત્રીઓ પાસે સુધારાત્મક સંકલ્પ કરાવવામાં આવ્યા. યાત્રીઓએ સાહિત્ય પણ ખરીદ્યું તેમજ અખંડ જ્યોતિના સભ્યો પણ બનાવ્યા. ✸

# પારીખ બ્રાહ્મણ સમાજે અપનાવી પ્રગતિશીલ પરંપરાઓ

**ઝુંઝનૂ (રાજસ્થાન)**

૭ થી ૯ મેની તારીખોમાં શહેરના પારીખ સમાજે ૨૪ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ તેમજ સંસ્કાર મહોત્સવનું આયોજન કરીને સમાજ સુધારનું સુંદર ઉદાહરણ રજૂ કર્યું હતું.

યજ્ઞના બીજા દિવસે પ્રાતઃ ૨૪ કુંડીય યજ્ઞશાળામાં સેંકડો યુગલોએ દેવપૂજન કર્યું તેમજ યજ્ઞ ભગવાનને આહુતિઓ સમર્પિત કરી. એમાં ગાયત્રી પરિવારના કાર્યકર્તાઓની સાથે પારીખ સમાજના પદાધિકારીઓ તેમજ યુવાનોની બેઠક રાખવામાં આવી, જેમાં સમાજની માતાઓ, બહેનોએ પણ ભાગ લીધો. એમાં વ્યસન મુક્તિ, સામૂહિક વિવાહ સંસ્કાર પરંપરાનું પુનર્જીવન જેવા વિભિન્ન વિષયો પર માર્મિક સંદેશ આપવામાં આવ્યો. પદાધિકારીઓએ આગામી આવા જ કાર્યક્રમને સામૂહિક વિવાહ અથવા સામૂહિક યજ્ઞોપવિત સંસ્કારના રૂપમાં યોજવાનો સંકલ્પ કર્યો.



યજ્ઞોપવિત સંસ્કાર કરાવી રહેલ સમાજના મહાનુભાવો

''ખર્ચાળ લગ્નો આપણને દરિદ્ર અને બેઈમાન બનાવે છે.'' સૂત્ર વાક્યએ સારો પ્રભાવ છોડયો. સમાજના અગ્રણીઓએ પોતાના સમાજમાં લગ્નોમાં થનારા ખર્ચમાં કાપ મૂકવાનો ઉપાય નક્કી કરવા માટે સમાજને ફરી એકત્રિત કરી બેઠક યોજવાનો નિર્ણય કર્યો.

**માન્ય સંતની અભિવ્યક્તિ**

દીપયજ્ઞના અવસર પર રેવાસા અગ્રપીઠાધીશ્વર શ્રી રાઘવાચાર્ય મહારાજ પધાર્યા હતા. તેમણે પરમ પૂજ્ય ગુરુદેવ આચાર્ય શ્રીરામ શર્માજીની યુગ નિર્માણ યોજનાની ખૂબ જ પ્રશંસા કરતાં કહ્યું કે થવાનું તો તે જ છે, જે આચાર્યજી એ કહ્યું છે. તેમણે ગાયત્રી પરિવાર દ્વારા જન્મ દિવસ તથા વિવાહ દિવસ પર દીપયજ્ઞ કરી આવા સંસ્કારને ખૂબ જ અનુકરણીય જણાવ્યા. ✸

**અસત્યથી ધન કમાઈ શકાય છે; પરંતુ જીવનનો આનંદ, પવિત્રતા અને લક્ષ્ય નથી મેળવી શકાતા.**

# ક્રાંતિના મસીહાના પદચિહ્નો પર ગૌરવ અને ઉત્સાહ સાથે ધપી રહેલ ડગ

## લક્ષ્ય તરફ આગળ ધપતા કદમ

**ભોપાલ (મધ્યપ્રદેશ)**

બી.એચ.ઈ.એલ. ભોપાલ ગાયત્રી શક્તિપીઠ દ્વારા ૨૪ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ તેમજ પ્રજ્ઞા પુરાણ કથાનું આયોજન રાખવામાં આવ્યું હતું.


અવધપુરી, ભોપાલ-કથાના સમયે ભક્તિભાવમાં ડૂબેલી બહેનો

જન્મશતાબ્દી વર્ષમાં સાધક, સહયોગી, પ્રજ્ઞાપુત્રોના નિર્માણના સંકલ્પિત અભિયાન અંતર્ગત આ એક ખૂબ જ સફળ આયોજન સાબિત થયું. શાખાના પરિજનો સાધના તેમજ સર્જન સંદેશ લઈને ઘરે-ઘર પહોંચ્યા. તેમણે યજ્ઞના પ્રયાજ ક્રમમાં ૨૫૦ ઘરોમાં યુગસંધિ મહાપુરશ્ચરણની નિશ્ચિત થયેલી સાધના કરાવી. એક લાખ મંત્ર લેખન કરવામાં આવ્યું. ૧૫૦૦ ઘરોમાં અખંડ જ્યોતિ તેમજ યુગ નિર્માણ યોજના પત્રિકાઓના વૈજ્ઞાનિક અધ્યાત્મવાદ વિશેષાંકોની સ્થાપના કરવામાં આવી. ચિ.મુકેશકુમાર તેમજ એમના યુવા પ્રકોષ્ઠના સહયોગથી ૧૧૦૦ ઘરોમાં સ્ટીકર અભિયાન ચલાવવામાં આવ્યું.

યજ્ઞ તથા પ્રજ્ઞા પુરાણ કથાનું સંચાલન શાંતિકુંજથી પહોંચેલ શ્રી નરેન્દ્ર ઠાકુર તથા શ્રી ગૌરીશંકર ગૌરની ટોળીએ કર્યું. યુગ નિર્માણ આંદોલન પ્રત્યે આકર્ષિત થઈ રહેલ નવા વર્ગ માટે મિશનની વિચારધારાને સમજવાનો આ સોનેરી અવસર હતો. ૧૦૦ દીક્ષા તથા ૫૦ અન્ય સંસ્કાર થયા. પ્રત્યેક શાખા સ્તર પર શક્તિ કળશનું નિર્માણ કરી એની સમક્ષ સર્જન સાધના મહાપુરશ્ચરણમાં જન-જન પાસે સાધના કરાવી જન્મશતાબ્દી વર્ષમાં એમની ભાગીદારી કરાવવાનો સંકલ્પ ઉમટ્યો. સર્વશ્રી ગિરીશ જાદવ, શ્રીમતી રાખી રાજપૂત, શ્રી રામજી પાંડે, શ્રી રામચંદ્ર શર્મા, શ્રીમતી ગીતા શ્રીવાસ્તવ, શ્રીમતી જાદવ, શ્રી આનંદ વિજયવર્ગીય, શ્રી આર.એસ.રાજપૂતે પોતાના અથક પરિશ્રમની સાથે જન-જનની સેવા ભાવનાનું નેતૃત્વ કર્યું.

**યુવા સંમેલન-**આ કાર્યક્રમમાં એક યુવા સંમેલન પણ રાખવામાં આવ્યું હતું, જેમાં પ્રબંધન વિશેષજ્ઞ શ્રી દિલીપ ગુપ્તાએ સંબોધન કર્યું. તેમણે જીવન પ્રબંધનમાં પૂજ્ય ગુરુદેવના સૂત્રોનું મહત્ત્વ સમજાવી કહ્યું કે રાષ્ટ્રનો કણ-કણ અમારો છે, એનું રક્ષણ અને વિકાસ પણ આપણે જ કરવું પડશે. તેમણે કહ્યું કે પરમ પૂજ્ય ગુરુદેવે રાષ્ટ્રને જીવંત અને જાગૃત બનાવવાનું આવાહન કર્યું છે. જીવંત તથા જાગૃત તે જ છે, જે પોતાનો રસ્તો સ્વયં શોધી લે છે.

**બિજનૌર (ઉત્તર પ્રદેશ)**

બિજનૌર શાખાએ યુગ ચેતનાને ગ્રામીણ વિસ્તાર તરફ ફેલાવવા ગ્રામ સલામતાબાદ, સદ્રુદ્દીન નગરમાં ૨૪ કુંડીય ગાયત્રી મહાયજ્ઞનું આયોજન રાખ્યું હતું. વાહનોના માધ્યમથી નજીકના ૧૧ ગામોમાં એની કળશયાત્રા કાઢવામાં આવી. પ્રાતઃકાળથી સાંજ સુધી અખંડ જપ રાખીને ૨૪ લાખ ગાયત્રી મહામંત્ર જપ કરવામાં આવ્યા. એમાં ૨૫ દીક્ષા અને એટલા જ અન્ય સંસ્કારો થયા.શ્રીમતી સુધા રાઠી તથા વિશ્વંભર સિંહની ટોળીએ આ મહાયજ્ઞનું સંચાલન કર્યું. શ્રી સુરેશ પાલ સિંહ મુખ્ય સહયોગી હતા.


સલામતબાદ, બિજનૌરમાં કળશયાત્રા

**હાટપીપલ્યા-દેવાસ (મધ્યપ્રદેશ)**

ગ્રામ ઈસ્માઈલખેડીમાં હાટપીપલ્યા શાખા દ્વારા પાંચ કુંડીય ગાયત્રી મહાયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું. એમાં બે વિભૂતિઓ ધારાસભ્ય શ્રી દીપક જોશી તથા ડૉ.સુનીલ શુક્લા પૂર્ણાહુતિના સમયે વિશેષ રૂપથી ઉપસ્થિત રહ્યા હતા.આ મહાનુભાવોએ જન્મશતાબ્દી વર્ષના વિશેષ અવસર પર ગામડાઓ તરફ ગાયત્રી પરિવારના વધતા કદમનું હાર્દિક સ્વાગત કર્યું. શ્રી જોશીજીએ ''હમ બદલેંગે-યુગ બદલેગા,હમ સુધરેંગે-યુગ સુધરેગા'' સૂત્રોચ્ચાર ને સાચો પ્રગતિનો મંત્ર જણાવતાં એની માર્મિક વ્યાખ્યા કરી. તેમણે કહ્યું કે વ્યક્તિનું ચિંતન, ચરિત્ર, વ્યવહાર બદલવા લાગે, તો બધી પરિસ્થિતિઓ બદલાઈ જશે. ડૉ.સુનીલ શુક્લાએ રચનાત્મક આંદોલનની પ્રશંસા કરતાં પોતાનો પૂરો સહયોગ આપવાની ખાત્રી આપી હતી. ✸

## ધર્મતંત્રનો પ્રભાવ દરેક ક્ષેત્રમાં

### સમાજને મળ્યા પ્રગતિશીલ પુરોહિત

**કુશીનગર(ઉત્તરપ્રદેશ)**

કપ્તાનગંજ, કુશીનગર ક્ષેત્રની અંતર્ગત બોદખારમાં આવેલ શ્રી લક્ષ્મન રામ સ્મારક જૂ.હાઈસ્કૂલ પ્રાંગણમાં ૧૧ કુંડીય ગાયત્રી મહાયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતુ. દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના ધર્મ વિજ્ઞાન વિભાગના છાત્ર ટોળીના શ્રી અનંત મિશ્ર, ગગન દેશમુખ, હરિઓમ, કાર્તિકેય, દીપક, શ્યામની ટીમે એનું સંચાલન કર્યું. આ અવસર પર એમના દ્વારા વિવિધ ધર્મોના વાસ્તવિક સ્વરૂપની વ્યાખ્યા કરવામાં આવી. તેમણે કહ્યું કે દેશ, કાલ, પરિસ્થિતિની


રાઉરકેલાની કળશયાત્રામાં યુવાશક્તિની ભાગીદારી

અનુસાર ધર્મ ધારણાનું બદલવું સ્વાભાવિક છે, પરંતુ યુગઋષિ પં.શ્રીરામ શર્મા આચાર્યજીએ આજે ધર્મના એવા સ્વરૂપનું પ્રતિપાદન કર્યું છે, જે નિર્વિકાર જ નહીં, વિજ્ઞાન સંમત પણ છે. તેમણે લોકોને મૂઢ માન્યતા-ઓમાંથી નિકળીને વિવેકને અપનાવવા માટે પ્રેરિત કર્યા.

મહાયજ્ઞમાં નૌરંગિયા ધારાસભ્ય શ્રી શંભુ ચૌધરી પૂર્વાંચલ ક્રાંતિ પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી સંજય ત્રિપાઠી, બિપીન મિશ્રાની ઉલ્લેખનીય ભાગીદારી રહી. વિદ્યાલય પરિવારે પણ ખૂબ જ શ્રદ્ધાની સાથે યજ્ઞમાં ભાગ લીધો.

**વિદ્યાર્થીઓની ભાગીદારી**

**રાઉરકેલા (ઓરિસ્સા)**

ગાયત્રી પ્રજ્ઞાપીઠ ફર્ટિલાઈઝર પર ૨૪ કુંડીય ગાયત્રી મહાયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું. એમાં જ્ઞાનોદય વિદ્યાલય, આદર્શ વિદ્યામંદિર તથા બિરસા મુંડા હાઈસ્કૂલના લગભગ એક હજાર છાત્ર-છાત્રાઓએ પણ ભાગ લીધો. ટોળી નાયક શ્રી રામ પ્રસાદ સાહુએ આ અવસર પર કહ્યું કે યજ્ઞ એક વિજ્ઞાન છે, એક જીવન શૈલી છે. યજ્ઞ વ્યક્તિને પ્રકૃતિ સાથે જોડવાની પ્રેરણા આપે છે, તેને ચરિત્રવાન અને આદર્શનિષ્ઠ બનાવે છે. તેમણે યજ્ઞથી પર્યાવરણ શુદ્ધિ તથા પર્જન્યવૃષ્ટિની વાત જણાવતાં વિદ્યાર્થીઓના મનમાં આપણી સંસ્કૃતિ પ્રત્યે ઉંડી આસ્થા જગાડી.

ડૉ.રાસ બિહારી મહાપાત્ર તેમજ સહયોગીઓએ કાર્યક્રમનું સંયોજન કર્યું તથા શ્રી નિરંજન પાણિગ્રહીએ આ કાર્યક્રમનું સંચાલન કર્યું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સંસ્કાર થયા. જન્મ શતાબ્દીના સર્જન સાધના મહાપુરશ્ચરણમાં ભાગીદારી-નો ઉત્સાહ ઉમટ્યો. ✸

## હિમાલયના ખોળામાં નારી જાગરણ આંદોલન

**ઉત્તરકાશી (ઉત્તરાખંડ)**

શ્રી અજય પ્રકાશ વડોલા તેમજ એમના કર્મઠ સાથીઓએ જન્મ શતાબ્દી વર્ષની અંતર્ગત વિશેષ અભિયાનના રૂપમાં પોતાના જિલ્લાની બહેનો ખેતર અને રસોઈ સુધી સીમિત ન રહેતા તેનાથી ઉપર ઉઠી, સર્જનની દેવીના રૂપમાં પ્રતિષ્ઠિત કરવાનું અભિયાન આરંભ કર્યું છે. ૨૧ થી ૨૬ એપ્રિલની તારીખોમાં આ અભિયાનની અંતર્ગત ઉત્તરકાશી જિલ્લાના ચિન્યાલીસૌડ, માતલી, જોશિયાડા તથા બડકોટ તાલુકાઓમાં નારી જાગરણ સંમેલનોનું આયોજન થયું. એનું સંચાલન શાંતિકુંજથી પહોંચેલ શ્રીમતી સુધા મહાજન, શ્રીમતી શ્યામા રાઠોડ, શ્રીમતી નીરુ ગૌતમ તથા શ્રીમતી લક્ષ્મી પાટીદારની ટોળીએ કર્યું.

દેવાત્મા હિમાલયની ગોદમાં વસેલ શૈલપુત્રીઓને યુગઋષિના વિચારોએ ખૂબ જ પ્રભાવિત કર્યા. કાર્યક્રમોએ એ વિશ્વાસ જગાડ્યો કે બહેનોની સાધના અને સૂઝબૂઝથી પરિવારના સંસ્કાર બદલી શકાય છે, દેવભૂમિના નિવાસીઓનું દેવત્વ જાગી શકે છે, સમાજ સ્વર્ગ બની શકે છે. આ કાર્યક્રમોમાં સેંકડો લોકોએ ગાયત્રી ઉપાસના અને બલિવૈશ્વ યજ્ઞ આરંભ કરવાનો સંકલ્પ લીધો.

પ્રત્યેક્ષ ક્ષેત્રમાં મહિલા મંડળોની રચના કરવામાં આવી. ૫૫ બહેનોના દીક્ષા સંસ્કાર કરાવ્યા. શ્રીમતી રેખા પાલ,જગદંબા પૈન્યુલી,હેમલતા ઉનિયાલ,ભાવના અગ્રવાલ,યશપાલ સિંહ પયાલ, સતીશ ગૌથરવાલ, પ્રિયા ગૌથરવાલ, સંદીપ ઉનિયાલ વગેરેએ નારી જાગરણ આંદોલનનું નેતૃત્વ કર્યું.

**દરેક મોહલ્લામાં સંપર્ક, સાધના આંદોલન**

**મેરઠ (ઉત્તર પ્રદેશ)**

મહિલા જાગૃતિ અભિયાન મેરઠ કેન્ટની બહેનોએ પોતાના ક્ષેત્રમાં જન્મશતાબ્દી વર્ષના ઉપલક્ષ્યમાં એક વિશેષ આંદોલન ચલાવ્યું છે. ડૉ.ઉમા અગ્રવાલના નેતૃત્વમાં શ્રીમતી સરોજ ચૌધરી, સુનીતા માન, બેબી શર્મા, ગીતા શર્મા, રાજેશ શર્મા, તેજસ્વીની વગેરે બહેનો એક કૉલોનીમાં ૪૦ દિવસનું જન-જાગરણ અભિયાન ચલાવે છે. તેઓ ઘરે-ઘર જાય છે, ત્યાં અખંડ જ્યોતિ પ્રગટાવીને ઘરવાળાઓને સાધના-સ્વાધ્યાય માટે પ્રેરિત કરે છે. ૪૦ દિવસીય અભિયાન નું સમાપન નારી જાગરણ સંમેલન, વ્યસન મુક્તિ બેઠક, દીપયજ્ઞ તથા પાંચ કુંડીય યજ્ઞ સાથે થાય છે.

શ્રદ્ધાપુરી ફેઝ-૧ અને ન્યુ સૈનિક કૉલોની પછી હવે શ્રદ્ધાપુરી ફેઝ-૨ ના અભિયાનનું સમાપન થયું. સમાપન સમારોહનું સંચાલન દિલ્હીની શ્રીમતી કાંતા જડિયા અને મેરઠની ડૉ.ઉમા અગ્રવાલની સાથે શૌલાનાથી આવેલ ટોળીએ કર્યું. સંચાલક બહેનોએ કહ્યું કે નારી ભાવ સંવેદનાઓની ખાણ છે. સંવેદનાઓ સુકાઈ જવાથી જ મનુષ્ય પોતાની મનુષ્યતા ગુમાવતો જઈ રહ્યો છે. બહેનોને પોતાના ઘર-પરિવારોમાં આધ્યાત્મિક વાતાવરણ બનાવી સંસ્કાર પરંપરાને પુનર્જીવિત કરવી પડશે, ત્યારે માનવતા સુરક્ષિત રહી શકશે. ✸


મેરઠ શ્રદ્ધાપુરી-ફેઝ-૨માં અભિયાનની પૂર્ણાહુતિ

**સર્જનાત્મક વિચારોમાં નવરચના કરવાની અદ્ભુત શક્તિ છે. સારૂ વિચારો, આશાવાદી બનો.**

# ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાના પ્રશિક્ષકોની તાલીમ શિબિર

**શાંતિકુંજ-હરિદ્વાર**

ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાના પહેલા ત્રણ સત્ર અંતઃકરણને પ્રફુલ્લિત કરનારા દિવ્ય રોમાંચની સાથે યોજાઈ ગયા. પ્રશિક્ષકોનો પ્રયાસ સ્વાભાવિક જ છે, પરંતુ તાલીમાર્થીઓએ પોતાની અભિવ્યક્તિ જે રીતે વ્યક્ત કરી, એનાથી લાગ્યું કે જન્મશતાબ્દીની અનુપમ વેળામાં સ્વયં દિવ્ય સત્તા પરમ પૂજ્ય ગુરુદેવનું દિવ્ય આમંત્રણ એમના સહયોગિઓ-સહચરો સુધી પહોંચ્યું હતું, જે તેમને અહીં લાવ્યા અને પોતાના તપ અને પ્રાણથી ઓતપ્રોત કરી દીધા.

પ્રથમ શિબિર તા-૧૭ મે થી ૧૯ મે ના રોજ યોજાઈ, જેમાં ગુજરાત રાજ્યના ૨૦૦ લોકોએ ભાગીદારી કરી. ગુજરાત ઝોનના કન્વીનર શ્રી રાજુભાઈ દવેએ પ્રાંતીય રીપોર્ટ રજૂ કરી વિદ્યાલયોમાં શિક્ષા-વિદ્યાના સમન્વય પર ભાર આપ્યો. દ્વિતીય શિબિરમાં મધ્યપ્રદેશ તેમ ઉત્તર પ્રદેશના ૩૫૦ લોકોએ ભાગ લીધો. આ શિબિરમાં મધ્યપ્રદેશના શ્રી કરણસિંહ તથા ઉત્તર પ્રદેશના શ્રી બી.આર.ગુપ્તા એ પોત-પોતાના રાજ્યમાં વિદ્યાર્થીઓમાં ચરિત્ર નિર્માણ પર વિશેષ કાર્ય કરવાનો સંકલ્પ લીધો. તૃતીય શિબિર મહારાષ્ટ્ર રાજ્યની થઈ, જેમાં ૧૧૦ પ્રશિક્ષણાર્થી સામેલ થયા હતા. મહારાષ્ટ્રના શ્રી સી. બી.ખડવાનીએ છાત્ર-છાત્રાઓમાં ઋષિ પ્રણીત ભારતીય સંસ્કૃતિની દિશામાં ભાગીદારી કરવા માટે વિશેષ કાર્યયોજના પર ચર્ચા કરી.

શિબિર સંચાલક ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા પ્રકોષ્ઠે માત્ર અઢી દિવસમાં પ્રતિભાગીઓને યુગ નિર્માણ આંદોલનના જનક પરમ પૂજ્ય ગુરુદેવ તથા વંદનીય માતાજીનો પરિચય, યજ્ઞીય જીવન, સાધના તથા મિશનની વિભિન્ન ગતિવિધિઓની વિસ્તારથી જાણકારી આપી. વ્યસન મુક્ત રાષ્ટ્ર-સમર્થ રાષ્ટ્ર, પર્યાવરણ પ્રબંધન, ભાવી પેઢી (છાત્ર)નું ઘડતર, આદર્શ વિદ્યાલયની સ્થાપના, યજ્ઞ અને ગાયત્રી, ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનો ઉદ્દેશ્ય તેમજ યુગની આવશ્યકતા, શિક્ષા-વિદ્યાનો સમન્વય તથા જન્મશતાબ્દી વર્ષ તેમજ આપણી જવાબદારી જેવા અનેક વિષયો પર જાણકારી આપવામાં આવી.

આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજી, આદરણીય શ્રી ગૌરીશંકર શર્માજી, આદરણીય શ્રી વીરેશ્વર ઉપાધ્યાયજી, ડૉ.ઓ.પી.શર્માજી, શ્રી કાલીચરણ શર્માજી સહિત અનેક વરિષ્ઠ કાર્યકર્તાઓએ આ શિબિરોને સંબોધિત કરી. તેમણે પરમ પૂજ્ય ગુરુદેવના વ્યવહારિક સૂત્રોને જન-જન સુધી પહોંચાડવાના સૂત્રો આપ્યા. પરિજનોએ પણ પોત-પોતાના કાર્યક્ષેત્રમાં એક-એક વિદ્યાલયને આદર્શ વિદ્યાલયના રૂપમાં વિકસિત કરવાનો સંકલ્પ લીધો તથા આવા બધા વિદ્યાલયોમાં મિશનની પત્રિકાઓ અખંડ જ્યોતિ તથા પ્રજ્ઞા અભિયાન પાક્ષિકની સદસ્યતા અભિયાન ચલાવવાની વાત કહી. ✸



**ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાના રાષ્ટ્રીય પ્રશિક્ષક પ્રશિક્ષણ શિબિરમાં ઉપસ્થિત પરિજનો તથા સભાને સંબોધિત કરી રહેલ (ઈન્સેટમાં)-આદ.ડૉ.સાહેબ, આદ.ગૌરીશંકર શર્માજી, આદ.શ્રી વીરેશ્વર ઉપાધ્યાયજી**

## શાંતિકુંજે મચ્છરહેડીવાસીઓને આપી નવી દિશા

**હરિદ્વાર (ઉત્તરાખંડ)**

શાંતિકુંજથી લગભગ ૪૦ કિ.મી. દૂર હરિદ્વાર જિલ્લાના બહાદરાબાદ તાલુકામાં મચ્છરહેડી ગામ આવેલું છે. અહીં શાંતિકુંજે પોતાના આદર્શ ગ્રામ્ય વિકાસ યોજના કાર્યક્રમની અંતર્ગત તા-૨૦ મેના રોજ ગામમાં સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન ચલાવ્યું.

સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગામને ત્રણ સેક્ટરોમાં વહેંચીને નાળાઓ, ગામના ચોક, સ્કૂલ, સાર્વજનિક સ્થળોને ૨૦૦ થી વધારે પ્રશિક્ષણાર્થીઓ તથા ગ્રામીણોએ પૂરા મનોયોગપૂર્વક સફાઈ કરી એની પર કીટનાશક દવાનો છંટકાવ કર્યો. ગ્રામીણોએ ઘરેલુ મસાલા વાટિકાથી રોગોપચાર, સ્વાવલંબી જીવન જીવવા વગેરેની પદ્ધતિ શિખવી, તો બીજી બાજુ ગામવાસીઓએ કુટીર ઉદ્યોગના પ્રશિક્ષણના ક્રમમાં ડિટર્જન્ટ પાવડર, સાબુ, ફિનાઈલ, મીણબત્તી વગેરે બનાવવા માટે શિખવામાં વિશેષ રૂચી દેખાડી.

ડૉ.શિવાનંદ શાહૂ તથા ચિકિત્સા ટીમે ૧૭૦ લોકોના સ્વાસ્થ્ય પરીક્ષણ કરી તેમને નિઃશુલ્ક દવાઓ પ્રદાન કરી. જન-જાગરણ રેલી, સ્વચ્છ ગામ, દીવાલો પર લખવામાં આવેલ સુંદર-સુવાક્યોને જોઈને ગામવાળાઓની ખુશીનો કોઈ પાર નહોતો.

દીપમહાયજ્ઞના અવસર પર લોકોને યુગ નિર્માણ આંદોલન, વ્યસન મુક્ત, સંસ્કારવાન બનવાની અનેક યોજનાઓને વિસ્તારથી સમજાવવામાં આવી. સૌએ અભિયાનમાં ભાગીદાર કરવાની પોતાની ઈચ્છા જાહેર કરી. ગામના શ્રી રાજવીરજી, શ્રી રાકેશજી, શ્રી મનોજજી તથા પ્રમુખ લોકોએ સફાઈના આરંભમાં સ્વચ્છતા સાધનોનું વિધિવત્ પૂજન કર્યું તથા સૌને અભિયાન પ્રત્યે પોતાની નિષ્ઠાનો પરિચય આપતાં પોતાના ગામમાં જાગરૂકતા બનાવી રાખી આ કાર્યને આગળ પણ ચાલુ રાખવાનો સંકલ્પ વ્યકત કર્યો. ઈંટર કૉલેજની આચાર્યા શ્રીમતી અંજના સિંહે કાર્યક્રમની ખૂબ જ પ્રશંસા કરતાં હરસંભવ સહયોગ કરવાનો સંકલ્પ લીધો. શાંતિકુંજના સર્વશ્રી કે.એન.દુબેજી, પ્રેમલાલ બિરલા, રાકેશ જાયસ્વાલ, નરેન્દ્ર ઠાકુર, પુનીત ગુરુવંશી, દયાનંદ શિવવંશી, પંકજ મિશ્રા, બીએચઈએલ ના શ્રી જયભગવાન વગેરેએ કાર્યક્રમ ના ક્રિયાન્વયનમાં પ્રશિક્ષણાર્થીઓને માર્ગદર્શન આપ્યું. ✸



**ગ્રામીણોનું શારીરિક પરિક્ષણ કરી રહેલ શાંતિકુંજના ચિકિત્સક**

## યુગઋષિની આશાના દીપક

શાંતિકુંજના જીવનદાની કાર્યકર્તા શ્રી કૃષ્ણ કુમાર મહાજન તથા શ્રીમતી વંદના મહાજનના સુપુત્ર ચિ.ચંદ્રેશે કેન્દ્રીય માધ્યમિક બોર્ડની ધોરણ-૧૨ની પરીક્ષામાં ૯૨.૨ ટકા માર્કસ મેળવીને પોતાના વાલી અને આખા શાંતિકુંજ પરિવારનું ગૌરવ વધાર્યું છે. તેણે પોતાના કેન્દ્રીય વિદ્યાલય, રાયવાલા, જિ.દહેરાદૂન માં પ્રથમ સ્થાન મેળવ્યું છે. તેણે ઋષિકેશ ડિવિઝનમાં પ્રથમ તથા રાજ્ય કક્ષાએ મેરિટ લીસ્ટમાં મહત્ત્વપૂર્ણ સ્થાન મેળવ્યું છે.

આ વર્ષે ગાયત્રી વિદ્યાપીઠની સીબીએસઈ પાઠ્યક્રમની આ પહેલી બોર્ડ પરીક્ષા હતી. એમાં ધોરણ-૧૦ના બધા ૧૫ વિદ્યાર્થીઓ પાસ થયા. ધોરણ-૧૦નો ચિ.અરૂણ સોરી (સુપુત્ર-શ્રીમતી દ્રૌપદી-શ્રી બીપીન સોરી)એ સીપીજીએ ૯.૪ ગ્રેડની સાથે પ્રથમ, કુ.પ્રાચી સિંહ (સુપુત્રી-શ્રીમતી મીનાક્ષી-શ્રી રવિકાંત સિંહ), ચિ.ગૌતમ અનઘોરે (શ્રીમતી સુશીલા-શ્રી સુખદેવ અનઘોરે) તથા શ્રી સત્યેન્દ્ર કર્ષ (શ્રીમતી સવિતા-શ્રી સુદામા કર્ષ) ત્રણેયએ ૯.૨ ગ્રેડ સાથે દ્વિતીય સ્થાન મેળવ્યું.

આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજી તથા આદરણીય શૈલબહેને તમામ બાળકોને આખા શાંતિકુંજ પરિવાર તરફથી તેમની આ સફળતા પર સ્નેહાશીષ આપતાં કહ્યું કે આપ સૌ પરમ પૂજ્ય ગુરુદેવ-પરમ વંદનીય માતાજીની આશાઓના દીપક છો. આ રાષ્ટ્ર અને પીડિત વિશ્વ માનવતા આ તેજસ્વી બાળકો પાસે ખૂબ આશા રાખે છે, જે પૂજ્ય ગુરુદેવ-માતાજીના પદચિહ્નો પર ચાલતાં નવી પેઢીને નવી દિશા આપવા માટે દૃઢ સંકલ્પિત છે. સૌના જીવન આદર્શ નિઃસંદેહ પરમ પૂજ્ય ગુરુદેવ-માતાજી છે. શાંતિકુંજના વ્યવસ્થાપક આદરણીય શ્રી ગૌરી શંકર શર્માજીએ આ પ્રતિભાશાળી બાળકોનો ઉત્સાહવર્ધન કરતાં મીઠાઈ આપીને મોઢું મીઠું કરાવ્યું.

ચિ.ચંદ્રેશ પોતાના અભ્યાસ માટે કલિંગ ઉત્કલ મહાવિદ્યાલયમાં અધ્યયન કરી રહેલ પોતાના ભાઈ ચિ.મનુજને પ્રેરણા સ્ત્રોત માને છે. તે આગળ ચાલીને ટેકનોલોજી શિક્ષણ ગ્રહણ કરી ગરીબ વિદ્યાર્થીઓને ભણવામાં સહાયતા કરવાની ઈચ્છા રાખે છે. પોતાની સફળતાનો મંત્ર બતાવતાં કહ્યું કે થોડું થોડું પણ પ્રતિદિન વાંચવાથી તેને આ શાનદાર સફળતા મળી છે. તેનું કહેવું છે કે એક વાર કોઈ પાઠમાં પાછળ રહી જવાથી વિદ્યાર્થીનો પાયો નબળો પડી જાય છે. ગાયત્રી વિદ્યાપીઠના આચાર્ય શ્રી કૈલાસ મહાજને તમામ પાસ થયેલ બાળકોને સો ટકા પરીક્ષા પરિણામ માટે વધાઈ આપી. ✸



**ચિ.ચંદ્રેશ ચિ.અરૂણ કુ.પ્રાચી ચિ.ગૌતમ ચિ.સત્યેન**

## શાંતિકુંજ તમારું ઘર છે, ધર્મશાળા નથી

લાખો લોકોને પરમ પૂજ્ય ગુરુદેવ પરમ વંદનીય માતાજી દ્વારા એ આશ્વાસન મળ્યું છે કે શાંતિકુંજ તમારું ઘર છે, ગુરુદ્વારા છે. અહીં આવનારને આ આશ્વાસન અત્યારે પણ મળી રહ્યું છે. પરંતુ જ્યાં ઘરના સદસ્યોને ઘરમાં આવી એક શાંતિ મળે છે, ત્યાં એ ઘરના નિયમોને નિભાવવા, તેની વ્યવસ્થા અને વિકાસનું પણ પૂરેપૂરું ધ્યાન રાખવું એ પણ એ ઘરના સદસ્યોની જવાબદારી છે.

પરમ પૂજ્ય ગુરુદેવે શાંતિકુંજને વ્યક્તિત્વ નિર્માણની ટંકશાળના રૂપે, લોકશિક્ષણ માટે તક્ષશિલા-નાલંદાના રૂપે સ્થાપિત કર્યું છે. આ માટે દરેક આત્મીયતા રાખનાર પરિજનોએ પોતાના ગુરુદેવની ઈચ્છાને પૂરી કરવા માટે પૂરેપૂરૂ ધ્યાન રાખવું જોઈએ અને તેને અનુરૂપ લાભ પણ લેવો જોઈએ.

મોટે ભાગે ચાર ધામની યાત્રાના સમયમાં ફરવાવાળાઓની સંખ્યા વધી જાય છે અને સાધના શિક્ષણનું વાતાવરણ ગડબડાય છે અને અવ્યવસ્થા વધે છે. એ ધ્યાન રાખશો કે શાંતિકુંજ કોઈ ધર્મશાળા નથી. અહીંયા જે પરિજનો આવે અથવા જેને મોકલવામાં આવે, એમને પહેલેથી મંજૂરી લઈને જ અહીં આવવું/મોકલવા. અહીં
(૧) વિભિન્ન સત્રોમાં પહેલેથી મંજૂરી મેળવેલ પરિજનો અને
(૨) કોઈ પણ પ્રકારના સંસ્કાર કરાવવા આવેલ પરિજનોને વધારેમાં વધારે **બે દિવસ માટે જ** ઉતારો આપવામાં આવશે.

**જે લોકો હરિદ્વાર ફરવા કે ચાર ધામની યાત્રા માટે આવે છે, તેઓ શાંતિકુંજના દર્શન માટે તો આવી શકે છે, પરંતુ તેમને પોતાના રહેવાની વ્યવસ્થા બીજે ક્યાંય(અન્યત્ર) કરવાની રહેશે. મંજૂરી વગર આવનાર લોકોનો સામાન ગેટ પર રાખી ફક્ત દર્શન માટે વિશેષ પાસ આપી અંદર પ્રવેશની વ્યવસ્થા રહેશે. આવા લોકો જો સામાન લઈને આવશે તો તેમનો સામાન ગેટ પર રાખી દેવામાં આવશે.** ✸

**તપથી ચિત્ત સ્ફટિક સમાન નિર્મળ બની જાય છે ત્યારે એમાં સમસ્ત જ્ઞાન પ્રગટ થાય છે.**

# ગુરુધામમાં યૌવન જગાડવા વિશેષ રાષ્ટ્રીય યુવા સંગોષ્ઠી

ગુરુધામ શાંતિકુંજના તત્વાવધાન-માં દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય પ્રાંગણમાં તા-૨૮ થી ૨૯ મેના રોજ રાષ્ટ્રીય યુવા સંગોષ્ઠીનું આયોજન રાખવામાં આવ્યું હતું. આમાં યુવા પ્રકોષ્ઠ, ગાયત્રી પરિવાર યુથ ગ્રુપ તેમજ દીયા સાથે જોડાયેલ કર્મઠ, સક્રિય તેમજ ભાવનાશીલ ભાઈ-બહેનોએ ભાગીદારી કરી. આમ તો આ સંગોષ્ઠી જન્મશતાબ્દી વર્ષમાં કરવામાં આવનારા કાર્યક્રમોનું નેતૃત્વ સંભાળનારા માટે હતી, આથી દેશના પસંદ કરાયેલ ૧૫૧ ઉત્સાહી યુવાઓને જ બોલાવવામાં આવ્યા.

જન્મશતાબ્દી વર્ષની અંતર્ગત ચલાવવામાં આવેલ રચનાત્મક કાર્યક્રમોમાં ભાગીદારી માટે યુવાનોને સંગઠિત કરવા તેમજ તેમને પ્રગતિશીલ વિચારધારા સાથે જોડી દેશના ૫૫ કરોડ યુવાનોને જાગૃત કરવાની યોજના પર ક્રિયાન્વિત કેવી રીતે થવાય, એ પ્રતિભાગિઓએ વિસ્તારથી જાણ્યું. યુવાનોએ જન્મશતાબ્દી વર્ષમાં એક લાખ સક્રિય તેમજ કર્મઠ યુવા વર્ગને સમાજોત્થાનના કાર્યમાં લગાવવાના લક્ષ્યને પૂરૂ કરવા માટે યોજનાબદ્ધ રીતથી કાર્ય કરવા પર ભાર મુકવામાં આવ્યો. સાધના, નારી જાગરણ, પર્યાવરણ સંરક્ષણ, વ્યસન મુક્તિ, સ્વાસ્થ્ય તેમજ શિક્ષણ આંદોલનોમાંથી કોઈ એક આંદોલન સાથે જોડાઈને કાર્ય કરવા પર ભાર મુકવામાં આવ્યો.




**રાષ્ટ્રીય યુવા સંગોષ્ઠીને સંબોધિત કરી રહેલ આદરણીય ડૉ.સાહેબ, મંચાસીન શાંતિકુંજના વરિષ્ઠજન તથા યુવા સંગઠન સાથે જોડાયેલ પ્રતિભાગીગણ**

કાર્યક્રમનો શુભારંભ દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના કુલાધિપતિ ડૉ.પ્રણવ પંડ્યાજીના વરદ્ હસ્તે ઉદ્દ્ઘાટન સાથે થયો. તેમણે ''ક્યા હો ગયા પ્રકાશપુત્રો કો....''કવિતાને યાદ કરતાં કહ્યું કે દરેક યુવાન એક પ્રકાશ પુત્ર છે. તેને દીવાની જેમ સળગીને બીજાને પ્રકાશ-પ્રેરણા આપવા જેવું કાર્ય કરવું પડશે. શાંતિકુંજના વ્યવસ્થાપક આદરણીય શ્રી ગૌરીશંકર શર્માજીએ પોતાના માર્મિક ઉદ્બોધનમાં યુવાનોના ચરિત્ર, ગુણ,કર્મ, સ્વભાવના પરિવર્તન પર વિશેષ ભાર આપ્યો. તેમણે કહ્યું કે પોતે પોતાને બનાવવાનો પ્રયત્ન કરે. ત્યારબાદ દરેક કાર્ય સરળ છે.

આદરણીય વીરેશ્વર ઉપાધ્યાયજી એ પોતાની ઓજસ્વી વાણીમાં કહ્યું કે માનવતા, યુગના નિર્માણ માટે તરુણ સુલભ અને તરુણોચિત ગુણો-તેજસ્વિતા, તપસ્યા અને તત્પરતાનો સ્વીકાર કરવો પડશે. કેન્દ્રીય યુવા પ્રકોષ્ઠના પ્રભારી શ્રી કાલીચરણ શર્માએ પ્રતિભાશાળી પ્રતિભાગીઓને સંઘબદ્ધ થઈને આખા દેશમાં યુગ નિર્માણના પ્રવર્તક પૂજ્ય ગુરુદેવના સંદેશ-વિચાર સંકલ્પને ફેલાવવા માટે કાર્ય કરવાનું આવાહન કર્યું. તેમણે સ્વસ્થ યુવા-સશક્ત રાષ્ટ્ર; શાલીન યુવા-શ્રેષ્ઠ રાષ્ટ્ર; સ્વાવલંબી યુવા-સંપન્ન રાષ્ટ્ર; સેવાભાવી યુવા-સુખી રાષ્ટ્રનું સૂત્ર આપ્યું.

સમયબદ્ધ સમીક્ષાની અંતર્ગત-તાલુકા કક્ષાએ પ્રત્યેક સપ્તાહ, જિલ્લા કક્ષાએ પ્રત્યેક મહિને, રાજ્ય કક્ષાએ પ્રત્યેક ત્રણ મહિને, રાષ્ટ્રીય સ્તર પર પ્રત્યેક છ મહિને સંગોષ્ઠી આયોજિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

## સંગોષ્ઠીમાં જાહેર થયેલી ભાવી યોજનાઓ

- **તા-૩૦, ૩૧ ઓક્ટોમ્બર-૨૦૧૦ના રોજ રાષ્ટ્રીય યુવા ચેતના શિબિર ભોપાલમાં.**
- **તા-૬,૭,૮ ફેબ્રુઆરી-૨૦૧૧માં વિરાટ દીપમહાયજ્ઞ-સંગઠનની શાખામાં એક સાથે.**
- **તા-૨૦ ફેબ્રુઆરી-૨૦૧૧ના રોજ દિલ્હીમાં જન્મશતાબ્દીના ઉપલક્ષ્યમાં એક લાખ પરિજનોનું વિશાળ સંમેલન.**
- **તા-૪ થી ૧૦ નવેમ્બર-૨૦૧૧ જન્મશતાબ્દીનો મુખ્ય સમારોહ.**

છત્તીસગઢના શ્રી ઓમપ્રકાશ રાઠોડ, મધ્યપ્રદેશ શ્રી કે.પી.દુબે, ઉ.પ્ર.ના શ્રી અનિલ શ્રીવાસ્તવ, ઝારખંડની શ્રીમતી સુનીતા રંજન, મહારાષ્ટ્ર શ્રીમતી સ્વાતિ સોની, બંગાળની શ્રીમતી અંજના મેહરિયા, ઓરિસ્સાના શ્રી પ્રફુલ્લ રાઉત, આસામના શ્રી વીરેન્દ્ર કોહલી, ગુજરાતના શ્રી સતીશજી, શ્રી મહેન્દ્રભાઈ પટેલ, શ્રી અરવિંદ કુમાર, શ્રી પ્રવીણભાઈ પંચાલ, રાજસ્થાન શ્રી ગોપાલ સ્વામી, જમ્મુ કાશ્મીરના શ્રી રામકુમારજી સહિત ૨૧ રાજ્યોમાંથી આવેલ પ્રતિનિધિ-ઓએ પોત-પોતાના રાજ્યમાં ચલાવવામાં આવી રહેલ રચનાત્મક કાર્યક્રમોનો રીપોર્ટ રજૂ કર્યો.

યુવા આઈ.પી.એસ. શ્રી કુંદન કુમારે 'મેરે સાધના કો જાનને કા હક હૈ'... કવિતા વાંચી તો સૌ ભાવુક થઈ ગયા. ડૉ.સૌરભ મિશ્રાએ આઈઆઈટી મુંબઈમાં ચાલી રહેલ યોગ, માઈક્રો યજ્ઞ, નૈનો યજ્ઞના વિષયમાં જાણકારી આપી. દિલ્હીના શ્રી રાજેશ યાદવે ઈ-સ્ટોર તેમજ ઋષિ ચિંતનને ઈ-મેલના માધ્યમથી પ્રતિદિન લાખો લોકો સુધી પહોંચાડવાની જાણકારી આપી.

# શિક્ષણ તથા વિદ્યાના સમન્વયનો અભિનવ પ્રયોગ ગાયત્રી વિદ્યાપીઠ

શાંતિકુંજના સમર્પિત કાર્યકર્તાઓ-ના બાળકો માટે સ્થાપિત ગાયત્રી વિદ્યાપીઠનો હવે વિસ્તાર કરવામાં આવ્યો છે. આ વર્ષથી અહીં ક્ષેત્રીય કાર્યકર્તાઓના બાળકોને પણ પ્રવેશ આપવામાં આવ્યો છે. બાળકોની વધતી સંખ્યાને જોતાં દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય પરિસર, ગાયત્રીકુંજમાં વિદ્યાપીઠ માટે એક ભવ્ય ઈમારતનું નિર્માણ કરવામાં આવ્યું. ઈંગ્લિશ મીડિયમથી ચાલનારી આ સ્કૂલ સીબીએસઈ દિલ્હીથી માન્યતા પ્રાપ્ત છે.



૨૦ મેના રોજ આ નવનિર્મિત ભવનનું ઉદ્દ્ઘાટન ગાયત્રી યજ્ઞની સાથે આદરણીય ડૉ.પ્રણવ પંડ્યા તથા આદરણીય શૈલ બહેને કર્યું. આદરણીય ડૉ.સાહેબે બાળકોનું ઉત્સાહવર્ધન કરતાં દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના ગૌરવશાળી વિદ્યાર્થી બનવા પર ભાર મુક્યો. પરમ પૂજ્ય ગુરુદેવે તા-૧ જૂન-૧૯૮૦ના રોજ વિદ્યાપીઠના ઉદ્દ્ઘાટન ભાષણમાં કહ્યું હતું કે આજે નાનકડી શરૂઆત છે, પરંતુ આજથી ૩૦ વર્ષ પછી આપ જોશો કે એ વિશ્વવિદ્યાલયનું રૂપ લઈ લેશે. આ વિદ્યાલયના માધ્યમથી આપણે શિક્ષણની સાથે વિદ્યાનો સમાવેશ કરીશું. આ ગુરુકુળ પદ્ધતિ પર આધારિત હશે. આપણે એક સમાનાંતર શિક્ષણ તંત્ર ઉભું કરીશું, જ્યાં સ્કૂલના અભ્યાસની સાથે સાથે દેશની ભાવી પેઢીને સંસ્કાર આપવામાં આવશે.

એ દરમ્યાન ગાયત્રી વિદ્યાપીઠના ભૂતપૂર્વ વિદ્યાર્થી ડૉ.ચિન્મય પંડ્યાએ ખૂબ જ ભાવુક થઈને કહ્યું કે મને ગર્વ છે કે હું આ વિદ્યાલયની પ્રથમ બેચનો છાત્ર રહી ચુક્યો છું. માત્ર બે ઓરડાઓથી પ્રારંભ થયેલ આ વિદ્યાલયનો આટલો વિસ્તાર જોઈને હું ખૂબ જ રોમાંચિત છું.

અહીં એ ઉલ્લેખનીય છે કે ડૉ. ચિન્મય પંડ્યા ઈંગ્લેન્ડથી ચિકિત્સાનું ઉચ્ચ શિક્ષણ પૂરૂ કરીને શાંતિકુંજના સમર્પિત કાર્યકર્તાઓની લાઈનમાં જોડાઈ ગયા છે. તેઓ ગાયત્રી વિદ્યાપીઠની એલૂમીની કૌંસિલના અધ્યક્ષ છે.

ઉદ્દ્ઘાટન સમારોહમાં શાંતિકુંજના વ્યવસ્થાપક તથા વિદ્યાલય મેનેજમેન્ટ કમિટીના પદાધિકારી આદરણીય શ્રી ગૌરીશંકર શર્મા, શ્રી હરીશ ઠક્કર તથા દે.સં.વિ.વિ.ના કુલપતિ ડૉ. એસ.પી.મિશ્રા, ગાયત્રી કુંજ એસ્ટેટ પ્રભારી શ્રી શરદ પારધી, એંજીનિયર શ્રી હરિમોહન ગુપ્તા તથા શ્રીમતી શેફાલી પંડ્યા ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમના અંતમાં આચાર્ય શ્રી કૈલાશ મહાજને આભાર વ્યક્ત કર્યો.

# ઈલેક્ટ્રોનિક સ્ટોરનો શુભારંભ

**તા-૧૬ મેના રોજ પાલમના સાધનગર ક્ષેત્રમાં ઉત્સાહી યુવા શ્રી રાજેશ યાદવના નિવાસ પર ગુરુદેવના સદ્સાહિત્ય માટે ઈલેક્ટ્રોનિક સ્ટોર (www.awgpestore.com)નો શુભારંભ થયો. એનું ઉદ્દ્ઘાટન આદરણીય ડૉ.પ્રણવ પંડયાએ શાંતિકુંજથી ઈંટરનેટ દ્વારા કર્યું.**

**આ ઈ-સ્ટોરનો ઉદ્દેશ્ય સંપૂર્ણ વિશ્વમાં પૂજ્ય ગુરુદેવના સાહિત્યને ઉપલબ્ધ કરાવવાનો છે. વિશ્વમાં ક્યાંય પણ, કોઈ પણ વ્યક્તિ ઈંટરનેટ પર સંપર્ક કરી પોતાની રૂચિ અનુસાર પુસ્તકો, સીડી તથા મિશનની અન્ય સામગ્રી મંગાવી શકે છે. ઈલેક્ટ્રોનિક રોકડ રકમ ટ્રાન્સ્ફર કર્યા પછી તે પુસ્તક તથા અન્ય સામગ્રી કુરિયર દ્વારા એ વ્યક્તિ સુધી પહોંચાડી દેવામાં આવશે. આ સુવિધા વર્તમાનમાં માત્ર ભારત વર્ષમાં જ ઉપલબ્ધ છે. આગામી છ મહિનાની અંદર વિશ્વના અન્ય દેશોમાં પણ એની સુવિધાનો લાભ મળી શકશે.**

**ગાયત્રી પરિવાર તથા સાહિત્ય પ્રેમી માટે આ એક મોટી ઉપલબ્ધી છે. આજે સંપૂર્ણ જગતમાં ઈલેક્ટ્રોનિક મીડિયાની બોલબાલા છે આવા સમયમાં ગુરુદેવ દ્વારા રચેલ સાહિત્ય કમ્પ્યૂટર પર ઉપલબ્ધ હોય, એનાથી સારું શું હોઈ શકે છે.**

**આ વિષય પર www.awgpestore.com પર લૉગ ઑન કરી આ સુવિધાનો લાભ લઈ શકે છે. આના સંબંધમાં કોઈ અન્ય જાણકારી લેવી હોય તો contactusTawgpestore.com અથવા ૦૧૧-૨૫૦૫૦૯૩૨ થી સંપર્ક કરી શકે છે.**

**સ્વામીઃ-**યુગ ચેતના ટ્રસ્ટ શાંતિકુંજ હરિદ્વાર શ્રીમતી શૈલબાળા પંડ્યા શાંતિકુંજ હરિદ્વાર દ્વારા પ્રકાશિત અને યુગાન્તર ચેતના પ્રેસ હરિદ્વારમાં મુદ્રિત અને યુગચેતના ટ્રસ્ટ શાંતિકુંજ દ્વારા પ્રકાશિત. સંપાદક વીરેશ્વર ઉપાધ્યાય **એડ્રેસઃ-શાંતિકુંજ હરિદ્વાર (ઉત્તરાખંડ) પીન નંઃ- ૨૪૯૪૧૧, ફોન નંબર-(૦૧૩૩૪) ૨૬૦૬૦૨, ૨૬૧૩૨૮ ફેક્સ-નં-૨૬૦૮૬૬**
www.awgp.org, www.dsvv.org
EmailQ-shantikunjnewsTawgp.org

R.No.UA/DO/DDN/29/2009-11
LICENCE TO POST W/O PREPAYMENT NO. WPP/05/05 RENEWED UP TO-2011